॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ–ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ અસલી પ્રકાશ આંખ છે ॥

એક નેત્રવિહીન મિત્રને રાત્રે ઘરે પહોંચવા તેના મિત્રે પોતાની લાલટેન આપી. તો એણે કહ્યું; 'હું આ લઈને શું કરું ? અંધારું ને પ્રકાશ બંને મારે માટે બરાબર છે.' તો મિત્રે કહ્યું; 'રસ્તો ખોળવા નહિ પણ અંધારામાં બીજું કોઈ તારાથી અથડાઈ ન જાય એને માટે આ સાથે રાખ.' એ માણસ લાલટેન લઈ થોડો દૂર શું ગયો કે એક પથિક એને અથડાયો. ત્યારે અંધ માણસે કહ્યું; 'જોઈને ચાલો. આ લાલટેન નથી દેખાતી તમને ?' ત્યારે પેલાએ કહ્યું; 'ભાઈ, તમારી બત્તી તો હોલવાઈ ગઈ છે.'

આ કથાનો મર્મ એ છે કે, તમે અંધ હો ને મિત્રો તમને દીવો આપે તો ધન્યવાદ કહેજો પણ દીવો ન લેતા. એમની પાસે 'આંખોનો ઉપચાર' માગજો.

આપણાં શાસ્ત્રો માત્ર દીવા આપે છે, જે હોલવાયેલા હોય છે, જ્યારે સદ્‌ગુરુ તમને જ્ઞાન આપે છે, દૃષ્ટિ આપે છે, જેનું તેજ તમારી ભીતર પ્રકાશતા સૂરજને પ્રત્યક્ષ કરી દે છે.

તમે આંધળા નથી. માત્ર તમારી આંખો બંધ છે પણ એટલી સદીઓથી બંધ છે કે તમે ભૂલી ગયા છો કે આંખો ખોલી પણ શકાય છે ! પાંપણોને લકવા થઈ ગયો છે બસ. ઘણા ઘણા જન્મોથી નહિ ખૂલવાને કારણે તમે એ ખોલવાનો ખ્યાલ જ વિસરી ગયા છો.

ભીતરની સંપદા તરફ અભિમુખ કરી સદ્‌ગુરુ એ પાંપણોને ખોલવાની યુક્તિ બતાવી દે છે. અને પાંપણો ખૂલતાં જ બધું અંધારું ખોવાઈ જાય છે. આંખ હોય તો અંધારામાંય ચાલી શકાય છે. આંખ ન હોય તો પ્રકાશમાં પણ ચાલવું મુશ્કેલ ! કેમકે, અસલી પ્રકાશ આંખ છે, આંખ તમારા ભીતરના સૂરજનો અંશ છે. અને ભીતરનો સૂરજ પ્રકાશી રહ્યો હોય તો બહારના સૂરજથી સંબંધ જોડાઈ જાય છે.

**—સંકલન(ઓશો)**

॥ ૐ યોગેશ્વરાય નમ: ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમ: ॥

પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીનો
પુનિત પ્રાગટ્યદિન
(તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૨૧)



## ॥ ભાવવંદના ॥

તીરથમેં ફળ એક હય
સંત મિલે ફળ ચાર
સદ્‌ગુરુ મિલે અનેક ફળ
કહે કબીર વિચાર.



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. પ્રવેશદ્વારે ઊભો હું શ્રીકૃષ્ણરૂપે ! | " | ૮ |
| ૩. પદપંચામૃત-અભિષેક | " | ૧૦ |
| ૪. શ્રી યોગેશ્વર-સ્તવન | ડૉ. ધર્મેન્દ્ર માસ્તર(મધુરમ્) | ૨૦ |
| ૫. મહાત્મા શ્રીયોગેશ્વરજી(પરિચય) | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૧ |
| ૬. શ્રી યોગેશ્વરજીની અવિશ્રાન્ત જીવનસાધના | શ્રી તરલા દેસાઈ | ૪૩ |
| ૭. ગીતાસંદેશ | ડૉ. અરુણા ઠાકર | ૫૦ |
| ૮. 'સત્યપથ'ના સમર્પિત સેવિકાનું પ્રભુપંથે પ્રયાણ | સંપાદન | ૫૮ |
| ૯. પૂ. શ્રી 'મા'નો પદપ્રસાદ | શ્રી 'મા' સર્વેશ્વરી | ૫૯ |
| ૯. હરજીની મરજી | શ્રી દમયંતીબહેન ઠાકર | ૬૧ |
| ૧૦. 'ઉપર જઈશું તો પ્રભુજી છે, નીચે રહીશું તો પૂ. 'મા' છે.' | ડૉ. અરુણા ઠાકર | ૬૨ |

## નિવેદન : 'પોતાની ભીતરી સંપદા ઓળખો'

તા.૧૫ ઑગસ્ટ, ૨૦૨૧ 'શત યોગવંદનમ્' પર્વની પૂર્ણાહુતિની મુકરર સમયાવધિ હતી. પણ દુર્નિવાર કોરોનાને લીધે પૂ.શ્રી'મા'એ એ પર્વને એક વર્ષ ઑર લંબાવી, એને 'સાધનાપર્વ'નું અભિનવ રૂપ અર્પ્યું. પરિણામે આજનો તા.૧૫ ઑગસ્ટ, ૨૦૨૨નો પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો પ્રાગટ્યદિન અધિક મહિમાવંતો બની રહે છે.

સંતના શતાબ્દીપર્વની ઊજવણી એ આધ્યાત્મિક જગતની કોઈ અવનવી ઘટના નથી. પરંતુ સદ્‌ગુરુની પ્રતિકૃતિસમાં પૂ.શ્રી'મા'એ જે રીત સૂચવી તેમાં આપણને સ્થૂળતામાંથી સૂક્ષ્મતા તરફ, બાહ્ય ધાંધલ-ધમાલ-કોલાહલમાંથી હળવેકથી આંતરિક શાંત શુચિતા તરફ દોરી જવાનો શુભાશય અનુભવાયો. 'સ્વર્ગારોહણ' તીર્થધામની ભવ્યાતિભવ્ય રોશનીની અલૌકિકતાનો અનુભવ કરાવીને ધીમે રહીને આપણા અંતરના પ્રકાશથી અવગત થવા માટે આપણને પ્રેર્યા.

આ પર્વને બાહ્ય ઉપકરણો તેમજ આંતરિક સંવેદનાથી સંતુલિત કરી, શબ્દ સાથે મૌનનો પણ આગવો મહિમા સિદ્ધ કરી, આપણને સમજાવ્યું કે, સદ્‌ગુરુનું જન્મશતાબ્દી પર્વ એ ઊજવીને સંકેલી લેવાની કોઈ ઘટના નથી. તેઓશ્રીની ચેતનાનો સંસ્પર્શ આઠે પ્રહર અનુભવવો. એ સર્વત્ર, સદાકાળ આપણી સાથે જ છે એવી સભાનતા સાથે જીવાય, આપણી પ્રત્યેક પળ એ મહાન હસ્તીની શાશ્વતીથી મહેકતી થઈ જાય. તેઓશ્રીના આશીર્વાદથી આપણે માત્ર દીર્ઘાયુ ન થઈએ, આપણા જીવનની સાર્થક પળો આપણને પ્રાપ્ત થાય.

પોતાની તેમજ પોતાના સદ્‌ગુરુની 'આધ્યાત્મિક પ્રભા' ઝીલી, પ્રત્યેકને પોતાની 'ભીતરી સંપદા' ઓળખવા પ્રેરનાર પૂ.શ્રી'મા' તેમજ પરમ સદ્‌ગુરુશ્રીને કોટિ કોટિ પ્રણામ !



# ।। શ્રી યોગેશ્વરકથામૃત ।।

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૧૦૪

**તા. ૨૮-૨-૮૩, સોમવાર, ફાગણ વદ એકમ સં. ૨૦૩૯ ડરબન શહેર**

આજે મૌનવાર હતો. ખીચડી-શાકનું ભોજન બનાવી લીધું. ભોજન બાદ દરરોજની જેમ બહાર આંટા માર્યા. વરસાદ હતો છતાં થોડી વાર બંધ રહ્યો, જેથી પૂ.શ્રીએ બહાર બાગમાં થોડી વાતો કરી ને તે પછી આંટા માર્યા.

બપોરે થોડો આરામ કર્યો. આવતીકાલે જોહાનિસબર્ગ જવાનું હોવાથી પૂ.શ્રીએ પોતાની નાનકડી બેગમાં કપડાં, પુસ્તકો વગેરે ગોઠવી દીધું.

સાંજે થોડું લેખન કર્યું.

પૂ.શ્રીએ આજે ભારત હૉલમાં રામાયણ ઉપર છેલ્લું પ્રવચન આપ્યું. તેમાં તેમણે શબરીનો પ્રસંગ વણી લીધો.

પ્રવચન બાદ, એક દિવસની શિબિરના કાર્યક્રમના આયોજન માટે પૂ.શ્રી પાસે સંમતિ માગવામાં આવી.

પૂ.શ્રી એ હા પાડી. તેથી, એક જ દિવસની શિબિર ક્યાં કરવી તે વાતો થઈ.

સમયસર ઉતારા ઉપર આવી ગયાં. દૂધ લઈને આરામ કરતાં પહેલાં શ્રી રતિભાઈ સાથે વાતો કરી અને ડરબનથી જોહાનિસબર્ગની પ્લેનની ટિકિટના પૈસા ૩૪૪ રેન્ડ સમજાવીને આપી દીધાં. પૂ.શ્રીએ આવતીકાલથી થનારી મુસાફરી અંગત ગણીને પોતાના ખર્ચે જ જવાનું નક્કી કર્યું

છે. શ્રી શાંતિભાઈએ એ રકમ અનિચ્છાએ સ્વીકારી. પૂ.શ્રીએ તેમને કહ્યું કે, તમારે સેવા માટે જે રકમ આપવી હોય તે ટ્રસ્ટને આપી શકો, પણ આ ખર્ચ તો અમે જ કરીએ તે જ બરાબર છે. સમાજના — તમારા બધાના જ એ પૈસા છે. અમારે કંઈ બીઝનેસ કે શૉપ થોડાં છે ? સમાજ જે આપે તેનો સદુપયોગ થાય તે જોવું જરૂરી છે. સમાજ અમને અમારી જરૂરિયાત જેટલું આપે જ છે.

શ્રી શાંતિભાઈ પ્રેમાળ ને સેવાભાવી છે. વિદેશની આ ધરતી ઉપર પૂ.શ્રીને લાવવામાં, પોતે પરિચયમાં ન હોવા છતાં, એમનો જ મહત્ત્વનો ફાળો છે. પ્રભુ પોતાની મંગલમયી યોજનામાં કોને કેવી પ્રેરણા જગાડીને નિમિત્ત બનાવે છે તે તો એ જ જાણે ! શ્રી શાંતિભાઈ માને છે કે, પૂ.શ્રીના આગમનથી, એમના દરેક વિષય પરના અંગ્રેજી-હિન્દી પરના પ્રભુત્વથી વિશેષ તો ગુજરાતનું ગૌરવ વધ્યું છે. ગુજરાતથી આવતા સંતો ફક્ત ગુજરાતી જ જાણે એવી છાપ હતી તે હવે ખોટી ઠરી છે.


**હરિઃૐ**

**—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**

ગુરુભાવ સર્વ શ્રેષ્ઠ તીર્થ છે. બીજા તીર્થ નિરર્થક છે. હે દેવી ! સર્વ તીર્થનો આશ્રય શ્રી ગુરુનાં ચરણકમળોનો અંગુઠો છે.



## ॥ પ્રવેશદ્વારે ઊભો હું શ્રીકૃષ્ણરૂપે ! ॥



સત્કર્મની સુગંધ આવે રે સ્વર્ગારોહણમાં

ત્રિલોકે સુગંધ પ્રસારી
સ્વર્ગારોહણમાં પધારી
હું તો પ્રવેશદ્વારે ઊભો છું... સ્વર્ગા...

મનગમતાં પાત્રો ઉતારી
ધારેલાં કાર્યો કરાવી
હું તો હાશ ધરવા ઊભો છું... સ્વર્ગા...

શ્રી ચરણે સૌને ઝુકાવી
આશિષ અનેરી અપાવી
રક્ષા કરવાને ઊભો છું... સ્વર્ગા...

દર્દીને દર્શન કરાવી
દાવાનળને દફનાવી
ધન્વંતરી બનીને ઊભો છું... સ્વર્ગા...

ખૂણે ખૂણેથી શોધી લાવી
સૌની સવારી ઉતારી
રથ-સારથિ બનીને ઊભો છું...સ્વર્ગા...

શ્રીકૃષ્ણ સ્વરૂપને ધારી
સર્વેશ્વરીને છે સજાવી
એની સાથે આવી ઊભો છું... સ્વર્ગા...

**- શ્રી 'મા' સર્વેશ્વરી**
(રાગ: ઝુકાવ્યું જીવન...)
(તારીખ: ૧૭-૩-૨૦૧૯)

## ॥ પદપરિચય ॥

'સ્વર્ગારોહણ' સતત-અનવરત સત્કર્મોથી સુગંધિત રહે છે, એનો મહિમા છેક ત્રિલોક સુધી પ્રસારી હું 'સ્વર્ગારોહણ'ના પ્રવેશદ્વારે (અઠે દ્વારકા માની) ખડો થઈ ગયો છું. (શ્રી યોગેશ્વરજી તત્પર છે, આતુર છે ભક્તોને સહાય કરવા, ભક્તો પહોંચે ત્યારે ખરા !)

હું સ્થિર, નિશ્ચલ, સ્થિત છું પણ પ્રભુએ ધારેલાં, પ્રભુની યોજના મુજબનાં કાર્યો સંપન્ન કરવા મનગમતાં પાત્રો સુયોગ્ય પાત્રોને સક્રિય બનાવી, સર્વને હાશ ધરવા ઊભો છું.

શ્રીચરણે સૌને ઝુકાવી (કોનાં શ્રીચરણો ? એ પ્રશ્નનો ઉત્તર છેલ્લે પદના અંતમાં મળશે) અનેરી આશિષ અપાવી, સર્વની રક્ષા કરવા અહીં ઊભો છું.

દર્દીને દર્શન કરાવી (દર્દમુક્ત કરે એવા સમર્થનાં દર્શન કરાવી) દર્દના દાવાનળને દફનાવી, એમનો ધન્વંતરી બનીને ઊભો છું.

જગતના ખૂણે ખૂણેથી ભક્તહૃદયોને શોધી લાવી, સૌની સવારી ઉતારી, તેઓના રથ-સારથિરૂપે ઊભો છું, (ભવાટવીમાં ભટકતા) સવાર થઈ લોકો નીકળી તો પડે છે પણ ક્યાં-કેવી રીતે જવું તેનું પથપ્રદર્શન કરવા હું સહાયક બની ઊભો છું.

હું શ્રીકૃષ્ણ સ્વરૂપને ધારણ કરી, સર્વેશ્વરીને પણ સજાવી-દિવ્ય સ્વરૂપે સજ્જ કરી, એની સાથે, એની બાજુમાં આવી ઊભો છું.

તો 'સ્વર્ગારોહણ'માં એકસાથે બબ્બે દિવ્યસ્વરૂપો આપણને સત્કાર્યોની દિશામાં ગતિશીલ રાખવા, જ્યાં જ્યાં શ્રી ચરણ છે, પવિત્રતા છે. ત્યાં ઝુકવાનું શીખવાડી, આશિષો માટે યોગ્ય બનાવી, સૌની રક્ષાકાજ ખડે પગે છે. તન-મનના સર્વ દર્દોનો નાશ કરવા સ્વયં ધન્વંતરી પધાર્યા છે. જ્યાં જ્યાં સાચા માર્ગ માટે ઝૂઝતા અર્જુનો છે ત્યાં ત્યાં શ્રીકૃષ્ણસ્વરૂપે આપણા પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી ભગવંત, ભગવતી 'મા' સર્વેશ્વરી સાથે, બાજુમાં ઊભા જ છે.

**—શ્રી 'મા' સર્વેશ્વરી**



# ॥ પદપંચામૃત-અભિષેક ॥

૧

## ॥ આ આસપાસ કોણ છે ઊભું ? ॥

આ આસપાસ 'મા'ની ફરતે કોણ છે ઊભું ?
આ અભિનય કોણ કરાવે ?
પડદા પાછળ કો રમાડે ?
આ મંચે ઉતારનારું રે – કોણ છે ઊભું ?
પાત્ર પસંદગી કોની ?
વિષયોની વહેંચણી કોની ?
આ નાટક ભજવનારું રે – કોણ છે ઊભું ?
અંક પંચોતેર છે વીત્યા
પાનખરમાંયે પ્રવેશ્યાં
તોયે વસંતના ગીત ગાનારું – કોણ છે ઊભું ?
અલૌકિક રૂપ ધરનારું
સખાનું સ્વરૂપ સજનારું
મન ફાવે તો દર્શન દેનારું – કોણ છે ઊભું ?
સર્વેશ્વરીએ પીછાન્યું
પકડ્યું દૈવી કારભારું
સદ્‌ગુરુ સ્વરૂપને માણ્યું રે – એજ ઊભું છે.
એ તો ફરતે રાસ રમે છે
એનું રાજ અખંડ તપે છે.
એને વંદન કરી વધાવું રે —એજ ઊભું છે.

**—પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી**

(રાગ : ઝુકાવ્યું...)

તા.૨/૧૦/૨૦૨૦

આખું પદ પશ્ન નહિ. પ્રશ્નોની એક સળંગ હારમાળારૂપે રજૂ થાય છે પણ ઉત્તર અણપ્રીછ્યો રહેતો નથી. પદના અન્તભાગમાં પૂ.શ્રી'મા' જ એ ધરી દે છે. અભિવ્યક્તિની આવી સરળતા-સહજતા જ પદને એક અપૂર્વ સૌન્દર્ય બક્ષે છે.

આ આસપાસ, માની ફરતે કોણ ઊભું છે ? આ અભિનય-સૌને પ્રેમપૂર્વક સત્કારી, સમજવાનો કોણ કરાવે છે ? આ રમત પડદા પાછળ-અદૃશ્યરૂપે કોણ રમાડે છે ? આ ઉતારનાર મંચે કોણ છે ? પાત્રો કોણે પસંદ કર્યા ? વિષય વહેંચણી કોણે કરી ? આ આખુંયે જીવનનાટક ભજવે છે કોણ ?

પંચોતેર વર્ષ વીતી ગયાં, પાનખરમાં પ્રવેશ થયો તોયે વસંતના-નવયૌવનનાં ગીત ગાનારું કોણ છે ? અલૌકિક રૂપ ધરી, સખા સ્વરૂપે, મન ફાવે તો દર્શન દેનાર કોણ છે ?

આ પ્રશ્નપરંપરા પછી 'મા' જ કહે છે : સર્વેશ્વરીએ પિછાની લીધું, દૈવી કારભાર પકડી લીધો. એનું રહસ્ય જાણી લીધું સદ્‌ગુરુના સ્વરૂપને માણ્યું. જાણ્યું અને માણ્યું એ જ સ્વરૂપ ઊભું છે.

એ જ મારી ફરતે હરદમ રાસ રમે છે. એનું જ અખંડ રાજ તપે છે.

લાવ, એ જ ચાહેલું-ઝંખેલું-પ્રતીક્ષેલું, સ્વરૂપ છે તો એને વંદન કરી વધાવી લઉં.

પૂ.શ્રી'મા' પોતાની આસપાસ, સર્વ પ્રકારની લીલા કરનાર, અલૌકિક, દૈવી, સદ્‌ગુરુનું સ્વરૂપ 'સ્નેહ-સુરક્ષા-ચક્ર'રૂપે ઓળખે છે. પોતે પ્રેમના અખંડ રાજમાં સર્વતયા નિશ્ચિતતા અનુભવે છે. સ્વાભાવિક જ સદ્‌ગુરુપ્રેમની નિ:સંદેહતા તેમને વંદન કરી વધાવવા પ્રેરે છે.

★



૨

## ॥ સર્વેશ્વરીની આસપાસ એ ॥

સર્વેશ્વરીની આસપાસ એ
અવ્યક્ત રૂપ ધરી ફરતો રહે
રાતદિન સર્વેશ્વરી સંગે રમે
સતત સંતાતો એ તો ફરે...
પીછો ના છોડે એ સપને હવે
સાચો એ મિત બની સ્મરણે રમે...
અખંડ સાન્નિધ્ય કેવું ધરે ?
વાણી ના વર્ણવે એને ખરે...
કોને બતાવું શી રીતે હવે
હથેળીમાં સમાશે ના એ...
સર્વેશ્વરીના સ્મિતમાં વસે
પરખી લો, પ્રણમી લો એને હવે...

**—પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી**
**(રાગ : શ્યામ તેરી...)**
**તા.૧૯/૭/૨૦૧૯**

## ॥ પદપરિચય ॥

પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજી પૂ.શ્રી'મા'નાં પદોમાં ક્યારેક શ્રીકૃષ્ણ, ક્યારેક શિવ-શંકરનાં નામો ધારી નામરૂપે આવે તો ક્વચિત્ 'એ' સર્વનામરૂપે પણ પધારે છે.

પ્રસ્તુત પદમાં 'એ' સર્વનામ બનીને આવે છે. પૂ.શ્રી 'મા' કહે છે : એ મારી આસપાસ અવ્યક્ત રૂપ ધરી ફરતો રહે છે. નિશદિન મારી સાથે રમે છતાં સંતાતો ફરે છે. હવે તો સપનામાંય પીછો નથી છોડતો. સ્મરણપ્રદેશમાં એ સાચો મિત બની, લીલા કરે છે.

એનું સાન્નિધ્ય એવું અખંડ કે વાણી એને વર્ણવવા અક્ષમ બને. એ આખા અસ્તિત્વમાં સૂક્ષ્મરૂપે એવો વ્યાપી ગયો છે કે એ હવે કોઈને દર્શાવાય કેવી રીતે ? એ હથેળીમાં સમાઈ શકે એવો છે જ નહિ. (સ્થૂળ પદાર્થ હોય તો હાથમાં લઈ બતાવી શકાય) કોઈપણ સીમિત અભિવ્યક્તિને ગાંઠે નહિ એવું અસીમ એનું સ્વરૂપ છે.

હા, એક સ્થિર-કાયમી સરનામું છે એનું અને તે છે મારું સ્મિત. તમે મારા સ્મિતમાં એને નિહાળી શકો.

તો એને પારખી લો, પારખીને પાછા અટકી ન જતા. સત્વરે પ્રણમી લો એને. એ જોવા-જાણવા-પારખવા જેવી વિભૂતિ છે. પણ વિનમ્રભાવે એને ઝુકશો નહિ, પ્રણામ નહિ કરો તો 'એ'ની સૂક્ષ્મ અનુભૂતિ એની ઊર્ધ્વ-અલૌકિક કક્ષા-અવસ્થાની પ્રતીતિ કરી શકશો નહિ.

પોતાના સદ્ગુરુ પોતે તો પારખી લીધા, પ્રણમી લીધા. સ્મિતરૂપે કાયમી નિવાસ આપી દીધો. પણ એ સર્વજન માટે વંદનીય છે, પૂજ્ય છે, પ્રણમો તો પામો.

★



૩

## ॥ હરિ હસતા આવે ॥

હરિ હસતા આવે સર્વેશ્વરી પાસ
વસે દિનરાત સાચી એ વાત
    પાગલ બનીને ફરતા રહે છે
    કામ બધાંએ કરતાં રહે છે.
    પડદાની ઓથે રહે
    કાયમ એ મૌન ધરે
    ના કોઈની નજરે ચઢે...હરિ
નિત્ય પ્રભાતે પદ લખે એ
શ્વાસે શ્વાસે એ તો હાશ ધરે છે
નિરાલી છે એની મોજ
કરી લે તું એની ખોજ
ઝુકી લેજે ચરણે રોજ...હરિ
    આંધી વચ્ચે દીવાદાંડી બને એ
    અજાણ વાટે ભોમિયો બને એ
    વિવિધ છે એના રૂપ
    સુગંધિત સ્વયં ધૂપ
    સૃષ્ટિના એ છે ભૂપ...હરિ
હૈયે હૈયે એ તો હાજરી પૂરાવે
સુખ દુઃખ રમકડે એ જ રમાડે
અજબ છે એના કામ
નામ ધરે રામ શ્યામ
સૌના વિશ્રામ ધામ...હરિ

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ પદપરિચય ॥

આ પદમાં પૂજ્યશ્રી યોગેશ્વરજી હરિસ્વરૂપે દેખા દે છે. પૂ.શ્રી 'મા' કહે છે : હરિ હસતા સર્વેશ્વરી પાસે આવે છે. અહર્નિશ વસે છે. સમયનો એક પણ ખંડ એમના વિનાનો નથી.

પાગલ બનીને ફરતા રહે છે, બધાં કામ પણ એ જ કરતા રહે છે, પણ પરદાની પાછળ-અને તેય કાયમી મૌન ધારીને ! કોઈ કરતાં કોઈ એમને જોઈ શકતું નથી.

પ્રત્યેક પ્રભાતે પદ લખે પોતે, પ્રત્યેક શ્વાસે હાશ પણ ધરે ! એની મોજ નિરાલી છે. તું એની ખોજ કરી લે, મળી જાય તો એ શ્રીચરણે રોજ ઝુકજે.

એ તો આંધી વચ્ચે દીવાદાંડી બને અને અજાણ્યા રસ્તે ભોમિયારૂપે સાથે રહે.

આ હરિનાં રૂપ વિવિધ છે. સ્વયં જાણે સુગંધિત ધૂપ છે. અને સમગ્ર સૃષ્ટિના એ ભૂપ છે, સમ્રાટ છે.

એની હાજરી પ્રત્યેક હૃદયે હોય છે. બધાંને સુખદુઃખના રમકડે એ જ રમાડે છે.

એનાં સઘળાં કામ અજબ છે. કોઈવાર અનામી તો કોઈવાર રામ-શ્યામ નામ પણ ધારણ કરી લે છે.

એક વાત નિશ્ચિત છે કે, શ્રીહરિ સૌના વિશ્રામધામ છે.

હરિ સાથે મિલન થતાં સર્વ કોઈ હાશ અનુભવે છે. એનો પ્રેમ, એની કરુણા સર્વ મનુષ્યહૃદયો સુધી વિસ્તરે છે.

સંપૂર્ણ રહસ્યમય છતાં સર્વથા ખુલ્લો-પ્રકટ એવો હરિનો પ્રેમ છે. પૂ.શ્રી'મા'ની આ અંગત અનુભૂતિ સમગ્ર વિશ્વની, વિશ્વના પ્રત્યેક મનુષ્યહૃદય પ્રતીતિ કરી શકે એવી વિશાળી છે.

★



૪

## ॥ અમે તો ગુરુના કુળનાં ॥

અમે તો ગુરુના કુળનાં ગણાયાં
ગુરુની વણાટ સાળે વણાયાં...
વારસદાર અમે ગુરુના ગણાયાં
તપ, વ્રત કરવા સર્જાયાં
હું પદ અમારા સહજ છોડાવ્યાં
ગુરુએ ઘરમાં ઉતાર્યાં...અમે
ગુરુકૃપાથી કુળ, મૂળ તૂટ્યાં
જન્મ મરણ કુંભ ફૂટ્યા
બાહુ પ્રસારી ગુરુએ ઊંચક્યા
શિખરે અમને ઉતાર્યા...અમે
સર્વ દિશાથી સજ્જ બનતાં
દેવોએ અમને સન્માન્યાં
સર્વેશ્વરી ગુરુરૂપે સમાયાં
દેવોની સંપત પામ્યાં...અમે

**—પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી**

(રાગ : ચાલોને..)

તા.૮/૭/૨૦૧૯

## ॥ પદપરિચય ॥

પદનો પ્રારંભ પૂ.શ્રી'મા' અનોખા આત્મગૌરવથી, અત્યંત પ્રેમપૂર્વક કરી કહે છે : 'અમે તો ગુરુના કુળનાં ગણાયાં.' પછી યશ ગુરુના પરિશ્રમને આપતાં 'ગુરુના વણાટસાળે વણાયાં'નું કારણ આપણી આગળ વિનમ્રતાથી ધરે છે.

જે ગુરુના વારસદાર ગણાય એને તપ, વ્રત સહજ હોય, એ કર્યે જ છૂટકો ! પણ ફળસ્વરૂપે 'હું પદ'નું અભિમાન સહેજમાં છૂટતાં શ્રી ગુરુએ (સીધા) ઘરમાં ઊતાર્યાં.

ગુરુકુળ જ નહિ, ગુરુઘરમાં વસવાટ મળ્યો એટલે જન્મપ્રાપ્ત કુળ-મૂળ તૂટ્યાં કહો કે જન્મમરણના ઘડા-કુંભ ફૂટ્યા. ગુરુએ હસ્ત પ્રસારી ઊંચકી લીધા, શિખર ઉપર ઉતાર્યાં.

ગુરુકૃપાથી સર્વ દિશાથી સજ્જ બનતાં તન-મનનાં બંધનોથી પર થતાં, સ્વયં દેવોએ અમને સન્માન્યાં.

સ્વાભાવિક જ સર્વેશ્વરીનું અસ્તિત્વ ગુરુસ્વરૂપમાં સમાઈ ગયું. ઉભય એકરૂપ થઈ રહ્યાં, પરિણામે દેવોની સંપત પામ્યાં. અર્થાત્ અલૌકિકતા, દિવ્યતાની સંપદા પામ્યાં.

જે સ્થૂળતા પરહરિ, સૂક્ષ્મતાનો સંગ કરે; એ મનુષ્યત્વની સીમાથી પરે દિવ્યતા પ્રાપ્ત કરે.

★



૫

## ॥ સર્વેશ્વરી સાંભળો સંદેશ ॥

સર્વેશ્વરી સાંભળો સંદેશ
 અમે વરદાન દેનારા
અમારા પ્રાણ પૃથ્વીપટે
 સર્વેશ્વરીમાં જ રમનારા
સર્વેશ્વરી સ્મરણમાં રાખો
 તમે છો પ્રાણથી પ્યારા
અમે તો આસપાસ સદા
 તમારામાં જ વસનારા –
સમર્પિત જે થયા તેના
 ચરણમાં અમે ઝુકનારા
અમે તો સ્વરૂપે
 સર્વેશ્વરીના નિત્ય હસનારા
પરિચય પામવા મથતા
 સાંભળો સર્વ તે પ્યારા
પરિચય માંગતા તેને
 મળીશું માતના રૂપમાં –
કહ્યું છે કૈંક વરસોથી
 ગૂથ્યું છે કવનમાં મારા
અમારી સાધનાની સિદ્ધિનું
 દર્શન અહીં પામ્યા
કહીશું કેટલું સૌને
 સમજજો શાનમાં પ્યારા
સમાયા સ્વરૂપે થઈ એક
 લીલા નિત્ય કરનારા

—પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી
(તા.૧૬/૯/૨૦૧૯)

## ॥ પદપરિચય ॥

'મા' સર્વેશ્વરીને પૂજ્યશ્રી સંદેશ પાઠવે છે, પણ 'મા'ને પાઠવેલા એ સંદેશમાં આપણા સર્વ માટે 'છાનો ઉપદેશ' છે, એમાં સંદેશ આપનારની તેમજ એ સ્વીકારને પાત્ર બનનાર બંનેની (ઊર્ધ્વ ભૂમિકા) પરમ ચેતનાને ઓળખવા માટેનો ઉપક્રમ છે.

પદના પ્રારંભમાં જ પૂજ્યશ્રી પોતાનો પરિચય આપતાં સ્પષ્ટ કહી દે છે : 'અમે વરદાન દેનારા' છીએ. પણ બીજી જ પંક્તિમાં માનો મહિમા પોતાને મન કેવો છે તે વર્ણવતાં કહે છે : સમગ્ર પૃથ્વીપટે અમારા પ્રાણ સર્વેશ્વરીમાં જ રમે છે.

પછી કહે છે; સર્વેશ્વરી સ્મરણમાં રાખો. તમે પ્રાણથી પ્યારા છો. અમે તો તમારી આસપાસ રહી સદા તમારામાં જ વસનારા છીએ.

કારણ સીધું - જે સમર્પણ કરે સર્વભાવે તેના ચરણમાં અમે ઝુકી જઈએ છીએ. સર્વેશ્વરીના સ્વરૂપે નિત્ય હસનારા-સ્મિતવંત છીએ.

સદ્ગુરુ 'મા' સર્વેશ્વરી સાથે એવા તો એકરૂપ-ઓતપ્રોત થઈ ગયા છે કે, જે કોઈ પોતાનો પરિચય પામવા મથે તે સર્વ ભક્તોને સાફ કહી દે છે કે; તમે મને માતાના રૂપમાં-'મા' સર્વેશ્વરીના સ્વરૂપમાં મળી શકશો; અર્થાત્ અમે બંને અભિન્ન છીએ.

સદ્ગુરુ વર્ષોથી કહેતા આવ્યા છે, કવનમાં પણ એ ગૂથ્યું છે કે, પોતાની સર્વ સાધનાની સિદ્ધિનું દર્શન શ્રી'મા'માં પામ્યા છે. આ સ્પષ્ટ કબૂલાત પછી કોઈને કંઈ કહેવાનું રહે નહિ; સાનમાં ભક્તોએ સમજી લેવું ઘટે, અને તે એ કે, અમે બંને એક થઈ. અદ્વૈત સ્વરૂપે નિત્ય લીલા કરીએ છીએ. બે અવિભક્ત આત્માનું કેટલું સુંદર દર્શન અહીં મળે છે !



# ॥ શ્રી યોગેશ્વર સ્તવન ॥

(૧)

શ્રી યોગેશ્વરજી સંત અનેરા,
હિમાલયમાં તપ કરનારા,
પુનિત જીવનના જીવનારા,
જનતાને પ્રેરિત કરનારા,
ગંગા જેવા સદા પુનિતા,
રેવા જેવા સદા સુહાના,
સમંદર જેવા ઉર વિશાલા,
ધરતી જેવા એ હરિયાળા,
પંકજ જેવા સદા પનોતા
હિમાલયશા ભવ્ય ઊંચેરા,
સૂર્ય કિરણ શા ઉજિયાળા,
ઈન્દુ સમોવડ એ હળિયાતા,
ધવલ વસ્ત્રમાં શોભિત ન્યારા,
સૌ લોકોનું દુઃખ હરનારા,
પુણ્યશાળી ને પ્યારા પ્યારા,
સાક્ષાત્કારી સંત અનેરા,
પુરાણ પનોતા સદા ઉજાલા,
સાદાઈ સરળતાના તારા,
લલાટ બાહુ સ્હોય વિશાલા,
તરુછાયા સમા સુખિયારા,

આમ્રવૃક્ષ સમાન રસાલા,
કોયલ કંઠ સમા રઢિયાળા,
પ્રાતઃકાલ સમાન પવિત્રા,
બ્રાહ્મમુહૂર્ત સમાન અનોખા,
શુભ દૃષ્ટિના મંગળહારા,
પાપ પુંજના છો હરનારા,
પુણ્ય પંકજો ઉગાડનારા
કલ્યાણ જીવોનું એ કરનારા,
સબ શાસ્ત્રોના જાણણહારા,
સબ ભેદોના પારખનારા,
સિદ્ધ યોગીશ્વર સદા કૃપાળા,
ભારતીય સંસ્કૃતિના રખવાળા,
દોષો કેરા છેદનહારા,
સત્કાર્યોના પ્રેરણહારા,
લોકહિતના દેખણહારા,
કરત લોકો પર ઉપકારા,
કર્પૂર જેવા સુગંધદાતા,
પાવન કર્મો તણાય ધાતા,
જ્યોત સમા સદા ઉજિયાલા,
નાસત દૂર સદા વિકારા,
ઉજ્જલ દૂર થાય અંધારા,
ફેલાવત સદા પુનિત ગાથા,
પતિતો કેરા તારણહારા,
જ્ઞાનકુંજ ફેલાવનહારા,



યોગેશ્વર સંત કામણગારા,
લોક હિતસ્વી આનંદકંદા,
સદા પુનિત પ્રેમળ પડછંદા,
ભક્તિમય ને સદા સુહાગા.
યોગેશ્વર ઉચ્ચપદે વિહારા,
ઉજ્જવળ પાવન બ્રહ્મ પ્રકાશા,
ભક્ત હૃદયના છો સુખધામા,
ભક્તો કેરુ શુભ કરનારા,
સુમિરન કરતા લોકસુભાગા,
ભક્ત હૃદયના સદા વિસામા,
કરુણા કેરા અમરત દાતા,
શુદ્ધ સદાના, નહિ વિકારા,
પ્રેરક પ્રવચન કરનારા,
તિમિર હટાવે કરે સવારા,
કવિચારો સૌ જાય નઠારા,
તાકો આનંદ થાય અપારા,
કલેશ દુઃખ હો તો બિસરાયા,
કલિયુગમાં ઉત્તમ ફલદાતા,
જીવન જાણે તપ સમાના,
યોગેશ્વરજી છે સુખશાતા,
જીવન ૐકાર સમાના,
જાતિ ઉત્તમના સદાય દાતા,
યોગેશ્વરજીનું હૃદય અગાધા,
સરોડા કેરા સંત અનોખા,

વેદ ગાયત્રી ગીતા ધાતા,
જ્ઞાન માત્રના શુદ્ધ વિધારા,
સાહિત્ય કલા જીવનના ગાતા,
સંસ્કારોના પોષણહારા,
પ્રકાશને પંથે પળનારા,
માતાની સેવા કરનારા,
જ્ઞાન મહા વિશાલ બતાયા,
જય ગાઓ યોગેશ્વર ન્યારા,
યોગેશ્વર ભલાઈ અપારા,
રાચત ભક્તો જગત ઉજાલા,
વિભુદરશયી ધન્ય સુભાગા,
ત્યાગ જીવનમાં શોભતહાયા,
લોક સેવાના મંત્ર ઘુંટાયા,
રોગી ભોગી અભણ ઉદ્ધારા,
પીડિત દલિતના તારણહારા,
શોભિત યોગેશ્વર સંત નિરાલા,

(૨)

૧. જય સુખદાયક મંગળકારક કલ્યાણકારી સંત છો,
લોક હિતદાયી બુદ્ધિદાયી અનંત શુભ કરંત છો,
સહુ દુઃખો હરનારા મંગળ શાંતિ વિશ્વ વધારજો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૨. સદ્‌ગુણ પોષક, નયન તોષક, સર્વ શુભ કરનાર છો,
જન ભીડ ભક્ત જનને સહાય તો કરનાર છો,



વિયોગી, રોગી, ભોગીની, સૌ યાતના હરનારા છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૩. તવ પાદ પંકજ પુનિત, પ્રેમળ દષ્ટિના કરનાર છો,
નિરાધાર દુઃખી જનતણા સંકટ સબ હરનાર છો,
શિવ સદા કરનાર જનનું, ભક્ત તારણહાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૪. સુખ શાંતિના દેનાર છો, જન આશના પૂરનાર છો,
યોગેશ્વર, ભક્તની પીડા બધી હરનાર છો,
આનંદદાયક, શોકહારક, કલ્યાણના કરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૫. હંસ સમાના સંત છો, ભક્ત કલાંતિના હરનાર છો,
સમાજના ઉત્થાન કાજે શ્રેય-સાધકતાર છો,
પાપહારક, મંત્રદાયક, પ્રસન્નતા ભરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૬. યોગેન્દ્ર ઊંચનીચના ભેદ સૌ હરનાર છો,
પરિતાપ હારી વિપદહારી અભયદાતા ! તારજો,
ગુણગાન ને બળવાન આતમ ! અમંગળ હરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૭. ઉદયકારક, પતનહારક, ભક્ત તારણહાર છો,
ભક્તિ પ્રેરક, છો શુભંકર, ઈષ્ટતમ કરનાર છો,
ચેતના સંજીવની શુભ પ્રેરણા કરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૮. ભક્ત તારક પુનિત પ્રભુતા લોકમાં ભરનાર છો,
શંકા-કુશંકા, વહેમ રૂઢિ ખરાબીને દમનાર છો,
પ્રેરણા સંદેશથી ભક્તમાં બળ તમે ભરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૯. ભવાટવીમાં દીપ જગવી ઉદ્ધાર જન કરનાર છો,
હિત જોઈ ભક્તને સત્યપથે લઈ જનાર છો,
સત્યં શિવં સુખકર 'મધુરમ્' ભાવ ભરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૧૦. પાપ તાપ વિદારીને સંકલ્પ શુભ ભરનાર છો,
આધિ વ્યાધિ, ઉપાધિમાં, શાતા તમે કરનાર છો,
ભક્તોને સન્માર્ગે પ્રેરો, શુભેચ્છા કરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

૧૧. તીર્થરૂપા, સત્યરૂપા, સુગંધે જગ ભરનાર છો,
સુવાસ સઘળે આપીને, 'અધ્યાત્મ' જાણણહાર છો,
ચંદ્ર-ધવલા મુખ મધુરં, સ્મિત સદા ધરનાર છો,
યોગેશ્વર શુભ કષ્ટહારક ! કષ્ટ અમ વિદારજો.

(૩)

ભક્તજનો સૌ યાદ કરે છે યોગેશ્વરને પ્રેમથી,
યોગેશ્વરજી ભક્ત દુલારા પ્રેરી રહે છે પ્રેમથી,
સત્યપંથને ભક્તિપંથ પર તપ કર્યું 'તું' પ્રેમથી
હિમાલયમાં કષ્ટ સહીને કરી સાધના પ્રેમથી.
ભક્તિપથપે ડગ ભરીને
ચાલો સત્ય પંથને વરીએ,



પવિત્રતાનું જીવન જીવ્યા સંયમ સાધી પ્રેમથી,
માતા જ્યોતિર્મયીની સેવા કરી'તી સંતે પ્રેમથી,
માયા, મમતા તજી દઈને વિપદ સહ્યાંતાં પ્રેમથી,
સંપદ સવલત તજી દઈને સાધના સાધી પ્રેમથી.
ભક્તિપથપે ડગ ભરીને,
ચાલો સત્યપથને વરીએ.

ઊંચા શૃંગે કદમ ભરીને દુઃખ સહ્યાં'તાં પ્રેમથી
આસક્તિને અળગી કરીને કષ્ટ અપનાવ્યાં પ્રેમથી
ગટગટાવી વિષ જગતના અમૃત આપ્યું પ્રેમથી
નીલકંઠ શા બની જગતમાં આનંદ આપ્યો પ્રેમથી
ભક્તિપથપે ડગ ભરીને,
ચાલો સત્યપથને વરીએ.

યોગેશ્વર ભક્તોને પ્યારા, મુસીબત વેઠી પ્રેમથી,
ગુલાબ શી સુગંધ દઈને, કંટક વેઠ્યા પ્રેમથી,
ફૂલ સરીખું મીઠું મુખડું, વેણ વદ્યા'તા પ્રેમથી,
બાળક સમ નિર્દોષ જીવન, એ પ્રેરી ભક્તિ પ્રેમથી
ભક્તિપથપે ડગ ભરીને,
ચાલો સત્યપથને વરીએ.

બાળક, મહિલા, યુવા, પ્રૌઢને બોધ દીધો તો પ્રેમથી,
આચરીને એ નિજ જીવનમાં, ઉપદેશ દીધો તો પ્રેમથી,
ભાઈલાલ સંસારી મટ્યા ને "યોગેશ્વર" થઈ પ્રેમથી,
તજી સરોડા-અપનાવી વસુધા સંત સુજાણે પ્રેમથી,
ભક્તિપથપે ડગ ભરીને
ચાલો સત્યપથને વરીએ.

(૪)

થવા પ્રગટ કૃપાલા જય યોગેશ્વર
સરોડા પ્રદેશે ન્યારા,
સાધક થયા હિમાલય ભોમે
યોગી બની સુન્યારા,
જન્મભૂમિને પાવન કીધી
તપસ્વી બન્યા અનેરા,
નયન અમી શાં, તન ધવલ શાં
લલાટ તેજ અનુપા,
શાસ્ત્ર નિપુણતા, સાદગી શોભે
શોભત સુર સમાના,
ગુર્જર ભૂમિ, પાવન કીધી
સુંદર સ્વાગત પાયા.
સુદીર્ઘ સમય તક સાધના કીધી
સાક્ષાત્કાર શુભ પાયા.
સેવા માત તણીયે કીધી
ધન્ય જીવનના જાયા,
દેશ વિદેશે અટન કરીને
જ્ઞાનામૃત જન પાયા,
જ્ઞાન બોધ ને શાંતિ દઈને
જન અંતરને ભાયા,
પ્રવચન સાથે લેખન દીધું
ઉચ્ચ નીચ ભેદ ભુલાયા,



જિજ્ઞાસુ જનને જ્ઞાન દીધું
ને સરિત - પુણ્ય બહાયા
જ્ઞાન જ્યોતિને જલતી રાખી
પુણ્ય પ્રેરણા પાઈ,
જય યોગેશ્વર સંત સુભાગી
જય જય પુણ્ય કમાઈ,
ગયું તિમિરને થઈ સવારા
પુણ્ય પુંજ આગારા,
થઈ હળિયાતી ગુર્જર ભૂમિ
ધન્ય યોગેશ્વર ન્યારા.
સ્મરણો શુભ ને આનંદદાયક
પતિત જન ઉદ્ધારા,
જય યોગેશ્વર સંત સુહાગા
પ્રકાશ પંથ ઉજિયારા,
'મધુરમ્' ગાયે નમન કરીને
જય યોગેશ્વર રાયા

(૫)

ધામ સરોડા ન્યારું તીરથ
પાવનિ ધરાતલ ભૂષણં,
કરત નિવારણ પાપ પુંજ
દારૂણ ભીષણ દૂષણં
અખિલ ધરા ગુણ ભૂષણં
ત્રિલોક કલ્યાણદાયકં,

જય યોગેશ્વર તાપહરણં
નમીએ શિવ પદપંકજં.

લલાટ મનોહર મુખ પ્રકાશં
શોભત દેહ-સુમંડલં
પાવન યોગેશ્વર મહા
દર્શન અતિશય પાવનં.

મુખ મનોહર રૂપ અનુપમ
દર્શન સત્ય શિવં કરં,
જય યોગેશ્વર તાપહરણં
નમીએ શિવ પદપંકજ,
આનંદ શાંતિદાયકમ
શરણ તારણ પાલકં,
પતિત પાવન સ્મરણ તાવન
જીવન કષ્ટ નિવારણં,
ભક્ત વત્સલ નામ મંગલ
સિદ્ધિ ફૂલ શુભદાયકં
જય યોગેશ્વર તાપહરણં
નમીએ શિવ પદપંકજં.

શિષ્યા સર્વેશ્વરીયા અહો
યોગજ્ઞાન સમર્પિતં,
યોગ જ્ઞાન શ્રેય કાજે
સત્પથ મંદિર આકૃતં,
જ્ઞાન ભૂખ્યા યોગ તરસ્યા
ભક્ત વત્સલતારકં
જય યોગેશ્વર તાપહરણં
નમીએ શિવ પદપંકજં.

જ્ઞાન જ્યોત સતત જગવી
અજ્ઞાન તિમિર વિનાશકં,
સોહમ્ મહાનાદ રૂપં
જીવન મહીં સુવ્યાપિતં
ગાય 'મધુરમ્' સ્તવન મીઠું
સુંદર સુફલદાયકં,
જય યોગેશ્વર તાપ હરણં
નમીએ શિવ પદપંકજં.

દેશ વિદેશ ભૂતલ શોભિતં
ત્રિગુણ હીનતા ધારકં,
મનુજ રૂપે સંત પ્રગટ્યા
શ્રેયકર શુભદાયકં
સુખદાયકં સત્યં સદા
પુણ્ય સરોડા પાવનં,
જય યોગેશ્વર તાપ હરણં
નમીએ શિવપદ પંકજં.

**–ડૉ. ધર્મેન્દ્ર માસ્તર**
**(મધુરમ્)**

## ॥ મહાત્મા શ્રી યોગેશ્વરજી (પરિચય) ॥

ગુજરાતના ગરવા સંતસાહિત્યકાર મહાત્મા યોગેશ્વરજીનો જન્મ અમદાવાદ અને ધોળકાની વચ્ચે આવેલા સરોડા ગામમાં બ્રાહ્મણકુટુંબમાં ૧૫ ઑગસ્ટ ૧૯૨૧ના રોજ થયો હતો. મૂળ નામ ભાઈલાલ. પિતાનું નામ મણિલાલ ભટ્ટ અને માતાનું નામ જડાવબહેન. પિતા ખેડૂત હતા. આર્થિક સ્થિતિ સાધારણ. ભાઈલાલે પ્રાથમિક શિક્ષણ સરોડામાં લીધું. તેમની નવ વર્ષની વયે પિતાનું અવસાન થયું. પછી તેઓ મુંબઈ ગયા. મામાના પ્રયાસથી લેડી નૉર્થકોટ ઓર્ફનેજમાં દાખલ થઈ શાળાનું શિક્ષણ પૂરું કર્યું. સત્તર વર્ષે મેટ્રિક પાસ થઈ વિલ્સન કૉલેજમાં દાખલ થયા, પણ પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ થતાં અભ્યાસ અધૂરો છોડી દીધો. સંસ્થામાં એક વાર નાપાસ થનાર વિદ્યાર્થીને ફરી તક અપાતી પણ તે તપાસ કરવા ગયા નહીં. વડોદરા જઈ કૉલેજનો અભ્યાસ ચાલુ રાખ્યો. ત્યાં આંતરકૉલેજ વક્તૃત્વ સ્પર્ધામાં 'ગાંધીજી મારી દૃષ્ટિએ' વિષય પર બોલવા બદલ એમને પ્રથમ ઈનામ મળેલું. ગુજરાતીના પ્રૉફેસરે તેમને ખાસ બોલાવી પ્રશંસા પણ કરી પરંતુ મુંબઈ જેવું વાતાવરણ ન મળવાથી તેમણે અભ્યાસને તિલંજલિ આપી.

કૉલેજકાળ દરમિયાન તેમના જીવનમાં મુખ્ય બે પ્રવાહનાં દર્શન થાય છે. આત્મોન્નતિની સાધનાનો અને સાહિત્ય વાચન લેખનનો. વાંચનનો શોખ તો તેમને નાની ઉંમરથી હતો. શાળામાં પણ સારાં સામયિકો તેઓ રસપૂર્વક વાંચતા. એકવાર રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર વાંચવામાં આવ્યું. પછી તો તેમણે સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, મહર્ષિ દયાનંદ, સ્વામી શ્રદ્ધાનંદ



વગેરેનાં જીવનચરિત્રો પણ વાંચી લીધાં. તેમને પ્રતીતિ થઈ કે સદ્‌ગુણ અને સાત્ત્વિકતા ઉત્તમ જીવનનો જરૂરી પાયો છે. મહાન બનવા માટે માનવતાનો ગુણ ખીલવવો જોઈએ.

મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવાથી તેમને એક બાજુ મહાપુરુષ બનવાની તીવ્ર ઈચ્છા થઈ તો બીજી બાજુ પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવો જોઈએ એવો ભાવ મનમાં દઢ થયો. પછી તો તેમના જીવનનો ક્રમ બદલાયો. દિવસનો મોટો ભાગ તેઓ એકાંતમાં રહેવા લાગ્યા. અન્ય વિદ્યાર્થીઓ રાત્રે હૉલમાં સૂતા ત્યારે તેઓ શાંત વાતાવરણ માટે ઉપરની અગાસીમાં સૂતા અને વરસાદમાં હૉલ પાસેની ગેલેરીમાં સૂતા; રાત્રે આંટા મારતા, પ્રાર્થના કરતા અને ધ્યાન કરતા. જીવનનો એક દાયકા જેટલો સમય તેમણે આશ્રમમાં ગાળેલો. ત્યાં તેમણે સવાર-સાંજની પ્રાર્થનાની ટેવ પાડેલી. પ્રાર્થનાથી તેમને શાંતિ મળતી.

તેઓ જ્યારે બારતેર વર્ષના હતા ત્યારે આશ્રમમાં કેટલીક મોટી ઉંમરના સાહિત્યપ્રેમી મિત્રોએ હસ્તલિખિત માસિક કાઢવાની શરૂઆત કરી. તે માસિક જોઈ કિશોર યોગેશ્વરને કંઈક લખવાનો વિચાર આવ્યો. તેમણે એક લેખ લખ્યો. વિદ્યાર્થીઓએ તેમની પ્રશંસા કરી. પછી તો ચૌદેક વર્ષની વયે તેમણે શાળામાં 'ચેતન' નામક હસ્તલિખિત દ્વૈમાસિક કાઢવાની શરૂઆત કરી. આ રીતે સાહિત્યલેખનની સાધારણ શરૂઆત થઈ જે ઉત્તરોત્તર વધતી ગઈ.

મેટ્રિકમાં આવતા સુધીમાં આ કિશોરને આધ્યાત્મિક વિકાસ એ જ જીવનનો વાસ્તવિક વિકાસ છે એ વાત બરાબર સમજાઈ ગયેલી. તેમને મા જગદંબાનાં દર્શનની લગની લાગી ગયેલી. તેઓ મૅટ્રિક પાસ થયા એટલે તેમના લગ્નનો પ્રશ્ન પરિવારજનો

સમક્ષ આવી ઊભો. પરંતુ તેમને તો બ્રહ્મચર્યનું પાલન કરી સાધના કરવી હતી; તેથી તેમણે તો પોતાનો અપરિણીત રહેવાનો નિર્ણય સૌને સંભળાવી દીધો.

અભ્યાસ છોડ્યો તે અરસામાં મહર્ષિ અરવિંદ અને એમના આશ્રમ વિશે તેમને માહિતી મળેલી. તેમના આશ્રમમાં દાખલ થવા માટે તેમણે શ્રી અરવિંદને પત્ર લખ્યો. તેમણે બેત્રણ પત્રો લખ્યા પછી અઢી મહિને જવાબ મળ્યો. તેમાં અંગ્રેજીમાં લખ્યું હતું કે તમને સાધક તરીકે આશ્રમમાં રાખવાનું શક્ય નથી. તે દિવસમાં સ્વામી શિવાનંદનું જીવનવૃત્તાંત તેમના વાંચવામાં આવ્યું. તેમને પત્ર લખી તેમણે તેમના આશ્રમમાં સાધના કરવાની અનુમતિ માગી. એક અઠવાડિયામાં જ જવાબ મળ્યો જેમાં તેમને થોડો સમય રાહ જોવા જણાવ્યું હતું.

પરંતુ યોગેશ્વરજી હવે હિમાલય જવા અધીરા બન્યા હતા. તેઓ ભિક્ષુ અખંડાનંદને મળ્યા. તેઓ યોગેશ્વરના ઉચ્ચ વિચારો જાણી આનંદ પામ્યા અને તેમને ટિકિટ તથા માર્ગવ્યય માટે પૂરા એકસો વીસ રૂપિયા આપ્યા અને પંદરેક પુસ્તકો પણ ભેટ આપ્યાં. પૈસા મેળવીને યોગેશ્વરજીએ દેવું ચૂકતે કર્યું; પછી માતાજીની સંમતિ લઈ તેમણે હૃષીકેશ જવા પ્રસ્થાન કર્યું. ત્યાં એકાંતમાં ગંગાકિનારે શિવાનંદ આશ્રમનું રમણીય સ્થાન જોઈ તેઓ પ્રસન્ન થયા. આશ્રમનિવાસના બીજા કે ત્રીજા દિવસે તેમને પોતે નિત્ય, સિદ્ધ, બુદ્ધ, મુક્ત હોવાની પ્રતીતિ થયેલી, પરંતુ આશ્રમનું વાતાવરણ અનુકૂળ ન લાગવાથી થોડા દિવસ પછી તેમણે આશ્રમની વિદાય લીધી.

ભાઈલાલમાંથી યોગેશ્વર બનતાં સુધીમાં તેમણે ત્રણેકવાર ભિન્ન ભિન્ન વ્યવસાય કર્યા હતા. શાળામાં શિક્ષક તરીકે,



છાત્રાલયમાં ગૃહપતિ તરીકે તથા ગુજરાતી ધર્મશાળાના સંચાલક તરીકે. અલબત્ત કોઈ ને કોઈ કારણસર એમણે એ બધા વ્યવસાયો છોડવા પડ્યા હતા. તેમણે તે દરમિયાન ગાંધીજીના 'હરિજનબંધુ' માટે ત્રણેક લેખ લખી મોકલેલા જે અપ્રગટ જ રહેલા અને થોડા સમયમાં સામયિક બંધ પડેલું. ભાદરણની કન્યા વિદ્યાલયમાં એક વર્ષ શિક્ષક તરીકે કામ કર્યા પછી તેમણે વડોદરામાં લોહાણા બોર્ડિંગના ગૃહપતિ તરીકે થોડો સમય કામ કરેલું. તે પછી હૃષીકેશની દેવકીબાઈની ગુજરાતી ધર્મશાળાના મૅનેજર તરીકે એકાદ વર્ષ કામ કર્યું. એ પછી અંતઃપ્રેરણા થવાથી રાજીનામું આપી પૂરો સમય આધ્યાત્મિક સાધના પાછળ આપવાનો નિર્ણય કર્યો.

યોગ-પ્રાણાયામ શીખવા માટે તેઓ વડોદરાના ગોપાગેટ પાસેના રણમુક્તેશ્વર મહાદેવમાં રહેતા સ્વામી શાંતાશ્રમ પાસે ગયા, જેમને લોકો મગરસ્વામીને નામે ઓળખતા હતા. સ્વામીજીએ થોડા દિવસોમાં તેમને ખેચરી મુદ્રા શીખવાડી અને મંત્રદીક્ષા પણ આપી. મંત્રદીક્ષા મળ્યા પછી તેમણે સાધના શરૂ કરી તે માટે તેઓ દેવપ્રયાગમાં દશરથાચલ પર્વત પર ગયા. ત્યાં તેમણે વર્ષો સુધી કઠિન તપશ્ચર્યા કરી. તે દરમિયાન ચંપકભાઈ નામક એક સાધકે તેમની સેવા કરેલી.

યોગેશ્વરજી માટે રામકૃષ્ણ પરમહંસનું જીવન પ્રેરણારૂપ હતું. એમના ફોટાને તેઓ પોતાની પાસે જ રાખતા. કેટલીકવાર એવું બનતું કે જપધ્યાન કરીને તેઓ આંખ ખોલે ત્યારે રામકૃષ્ણદેવની મુખાકૃતિનાં દર્શન થતાં. દશરથાચલના નિવાસ દરમિયાન એક સવારે તેમને ભગવાન રામનું દિવ્ય દર્શન થયેલું. પાંચેક મિનિટ દર્શનનો અનુભવ રહેલો. પછી તેમને

શંકરદર્શનની ઇચ્છા થઈ. શંકર ભગવાનનો ફોટો તો પાસે હતો જ. સવારથી રૂમ બંધ કરીને બેસી ગયા. પ્રાર્થના કરતાં કરતાં દેહભાન જતું રહ્યું અને ફોટોમાં હતું તેવું શંકરનું રૂપ દેખાયું. દેવપ્રયાગ અને દશરથાચલના નિવાસ દરમિયાન ધ્યાનાવસ્થામાં અવારનવાર સિદ્ધપુરુષોનાં દર્શનના અનુભવો પણ થતા.

યોગેશ્વરજીના ઉત્તરકાશીના નિવાસ દરમિયાન એક દિવસ મધરાતે તેમને રમણ મહર્ષિનું દર્શન થયું. અડધોએક કલાક વાતો થઈ. સાધકને આવા અનુભવો તો થાય પણ આ અનુભવ વિશેષ હતો કેમ કે જીવંત મહાપુરુષના અનુભવનો પ્રસંગ હતો. બીજો વિશેષ અનુભવ ૧૯૪૪ની સાલમાં રાતની ધ્યાનાવસ્થામાં સમાધિમાં સંત જ્ઞાનેશ્વરનાં દર્શનનો થયો હતો. એક રાત્રે સમાધિદશા દરમિયાન તેમને કુંડલિનીની જાગૃતિનો અનુભવ થયેલો.

યોગેશ્વરજીએ જીવનનાં મહત્ત્વનાં વર્ષો હિમાલયમાં ગાળેલાં એટલે તે દરમિયાન તેઓ અનેક સાધુસંતોના સંપર્કમાં આવેલા. શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીની ભાવગતકથા અને નામસંકીર્તનમાં તેઓ પ્રેમથી સામેલ થતા. ઉત્તરકાશીમાં વિશ્વનાથ મહાદેવમાં નાગાજી નામે ઓળખાતા મહાત્મા રહેતા હતા. તેમણે યોગેશ્વરજીને સમજાવેલું કે સાધુપુરુષે બે બાબત સાચવવાની હોય છે. જીભ અને બ્રહ્મચર્ય. ગંગોત્રીમાં રહેતા મહાત્મા કૃષ્ણાશ્રમનાં દર્શન પણ તેમને થયેલાં. તેઓ નગ્નાવસ્થામાં મૌન રહેતા હતા. મહાત્મા સરસ્વતીનંદન સો વર્ષના હતા અને વડોદરામાં વસતા હતા. દંભ, પાખંડ કે કપટવૃત્તિથી પર, કરુણા, પ્રેમ અને સુજનતાથી સદાયે સંપન્ન આ મહાપુરુષના દર્શનથી તેમને અત્યંત આનંદ થયેલો.

યોગેશ્વરજીએ પોતાનાં માતુશ્રી અને ચંપકભાઈ સાથે



હિમાલયની કષ્ટમય ગણાતી ચારધામની યાત્રા પણ કરેલી. બે મહિનાની પગપાળા યાત્રા પછી તેમનાં માતાજી માંદગીમાં પટકાયેલાં, પણ પ્રભુકૃપાથી બચી ગયેલાં. ૧૯૪૪નું વર્ષ તેમના જીવનમાં શકવર્તી સાબિત થયું. થોડો સમય ગુજરાતમાં રોકાઈ તેઓ પુનઃદેવપ્રયાગ ગયા. ત્યાં આંબાવાડિયામાં શાંતા નદીના કિનારે એક ઓરડીમાં તેઓ રહ્યા. ત્યાં તેમણે કઠોર સાધના કરી. ૧૯૪૫ની ૩૦મી સપ્ટેમ્બરે રાત્રે તેમને મા જગદંબાએ દર્શન આપી દેવપ્રયાગ છોડવા જણાવ્યું. સવારે જ દેવપ્રયાગ છોડી તેઓ કોલકાતામાં દક્ષિણેશ્વર ગયા. ત્યાં તેમને કુમારીરૂપે માનાં દર્શન થયાં. ૧૯૪૬ની ૧૯મી એપ્રિલે બ્રાહ્મમુહૂર્તમાં તેમને નગ્ન અવધૂતનાં દર્શન થયાં હતાં. ૧૯૪૬ની જ બીજી જૂને તેમની મુલાકાત શ્રી મા આનંદમયી સાથે થયેલી. યોગસાધનાને પરિણામે તેમને અનેક અલૌકિક અનુભૂતિઓ થઈ હતી અને અનેક સિદ્ધ મહાપુરુષોનાં દર્શન થયાં હતાં પણ તેઓ હંમેશાં શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ભેદ કરતા; દંભી, પાખંડી સાધુઓને તેઓ ક્યારેય ઉત્તેજન આપતા નહીં અને હાથચાલાકી જેવા ચમત્કારોથી ભોળાવાતા નહીં.

યોગેશ્વરજીનો હિમાલયનિવાસ હાડમારીઓ વિહોણો નહોતો. તેઓ ક્યારેક ક્યારેક ભયંકર બીમારીમાં પણ પટકાઈ ગયા હતા. ૧૯૪૯ના ઑગસ્ટ માસમાં તેમની શારીરિક હાલત ખૂબ ખરાબ થઈ હતી. જાણે શરીર ટકશે નહિ એવું લાગેલું. એ કષ્ટમય દિવસોમાં તેમનાં માતાજીએ તેમની સેવા કરેલી. માતાજીને પણ વીંછી કરડ્યો હતો. હિંમતની કસોટી થાય એવા વાતાવરણમાં રહીને યોગેશ્વરજીએ સાધના કરી હતી. હિમાલયનિવાસના કઠોર વસવાટ દરમિયાન જન્મદાત્રી માતાની

તથા જગજનની જગદંબાની એમ બંનેની કૃપાનો સુભગ અનુભવ તેમને થયો હતો.

૧૯૫૦માં હરિદ્વારમાં કુંભમેળો હતો. ૧૩મી એપ્રિલે ત્યાં કુંભનું સ્નાન હતું. માતા સાથે સ્નાન કરી યોગેશ્વરજી દેવપ્રયાગ ગયા. ૧૯૫૧માં તેમણે અમરનાથ, જગન્નાથપુરી, દક્ષિણેશ્વર વગેરેની યાત્રા કરી. મા શારદામણિના સૂચનથી તેમણે નવરાત્રીમાં ઉપવાસ કર્યા. ૧૯૫૨માં તેઓ વેરાવળ, પ્રાચી, આગ્રા, આલ્મોડા અને હૃષીકેશ ગયા. ત્યાંથી પ્રભુની પ્રેરણા થતાં મહુવા ગયા. ત્યાં પાણી પર રહીને નવરાત્રીવ્રત કર્યું ત્યાં તેઓ અઢી માસ રોકાયા હતા. ૧૯૫૪માં મે માસની ચૌદમી તારીખે સાંઈબાબાએ તેમનામાં પ્રવેશ કરી તેમને તેમના બે પૂર્વજન્મની વાત કહી હતી. મહેસાણામાં હતા ત્યારે સાંઈબાબાએ યોગેશ્વરજીને અવારનવાર દર્શન આપેલાં. ૧૯૫૬ના ડિસેમ્બરની ૨૬મીએ ફોટામાંથી 'મહાત્માજી, મહાત્માજી' કહી બૂમ પાડેલી અને ખાટલામાં સૂતેલા યોગેશ્વરજી તેમના સ્પષ્ટ અવાજથી બેઠા થઈ ગયેલા. ૧૯૫૭ની ૨૬મી ઑગસ્ટે રાત્રે તેમણે ગાંધીજીનાં દર્શન કર્યાં. ગાંધીજી એક નાનીસરખી મઢૂલીમાં સુંદર આસન પર બેઠેલા અને બહારથી કોઈ ગાતું હતું : 'નરસૈંયો આ જન્મ લઈને મોહનદાસ થયો.' આ અનુભવ વીસેક મિનિટ ચાલેલો.

સાધનાની દૃષ્ટિએ ૧૯૬૦નું વર્ષ તેમના માટે શકવર્તી સાબિત થયું. તેમણે લખેલાં પુસ્તકો પૈકી બે પુસ્તકો-'અનંતસૂર' અને 'સરળ ગીતા'ના પ્રકાશનની યોજના તૈયાર થઈ. લેખક તરીકે કોઈ મિતાક્ષરી, સારવાહી નામ આપવાની તેમની ઇચ્છા હતી. ખૂબ વિચાર પછી મનપસંદ નામ ન સૂઝતાં જગદંબાને



પ્રાર્થના કરી. થોડા દિવસની પ્રેમપૂર્વકની પ્રાર્થના પછી એક ધન્ય દિવસે વહેલી સવારે 'મા'ની કૃપા થઈ. 'મા'એ ચિંતાનું કારણ પૂછ્યું. ભાઈલાલભાઈએ પોતાના નામની જગ્યાએ લેખક તરીકે કયું નામ પસંદ કરવું એ અંગેની મૂંઝવણ દર્શાવી. 'મા'એ નામ આપ્યું : 'યોગેશ્વર'. 'મા'ના અલૌકિક આદેશથી નામકરણની સમસ્યા ઊકલી ગઈ. પુસ્તકો એ નામે જ પ્રકાશિત થયાં.

મુંબઈમાં વાલકેશ્વર પરના સેનેટોરિયમમાં યોગેશ્વરજી બેઠેલા ત્યારે જે માતાજીનો ધ્યાનાવસ્થામાં વારંવાર સ્પર્શ અને સાક્ષાત્કાર થતો તે માતાજીનો સાક્ષાત્કાર જાગૃત દશામાં સ્થૂળ ભૂમિકા પર અખંડ અને સતત થવા લાગ્યો; ઇચ્છાનુસાર વાર્તાલાપ શક્ય બન્યો. વર્ષોનાં તપ, વ્રત અને વેદના સફળ થયાં. સાધના સાર્થક થઈ. પરમેશ્વરની પરમચેતનાની સ્થૂળ ભૂમિકા પરના એ અનુભવની અલૌકિક અવસ્થા ત્યારથી નિત્યનિરંતર ચાલુ જ રહી. ધ્યાન, સમાધિ અને જાગૃતિના ભેદ મટી ગયા. એને લીધે તેઓ સાધકમાંથી સિદ્ધ બન્યા, ભાઈલાલમાંથી યોગેશ્વર બન્યા.

ઈ.સ. ૧૯૬૩માં યોગેશ્વરજી પોતાના માતાજી સાથે મસૂરીમાં નવભારત હોટલમાં રહેતા હતા. લાગલગાટ છ વર્ષ સુધી પ્રત્યેક વર્ષે ત્રણ માસ તેઓ ત્યાં રોકાતા. ઠંડી વધે એટલે ઓક્ટોબરના આરંભે તેઓ હૃષીકેશ ચાલ્યા જતા. છઠ્ઠે વર્ષે યોગેશ્વરજીને ત્યાં થિયોસોફિકલ સોસાયટીના આમંત્રણથી સત્સંગપ્રેમી જનતા સમક્ષ હિન્દીમાં યોગ વિશે પ્રવચન આપવું પડ્યું. તે જ વર્ષે જન્માષ્ટમીના દિવસે બીજું પ્રવચન કૃષ્ણ વિશે આપ્યું.

ગાંધીજી જ્યારે મસૂરી આવતા ત્યારે બિરલા હાઉસમાં રહેતા. એ વખતે એમણે ઇચ્છા દર્શાવેલી કે મસૂરીમાં ગરીબોની

સેવાની એક સંસ્થા હોવી જોઈએ. એમની ઈચ્છાનુસાર મસૂરીમાં સોસાયટીની સ્થાપના કરી એક મકાન ખરીદવામાં આવ્યું. તે ગાંધીનિવાસ સોસાયટી. તેમાં યોગેશ્વરજીને કોઈપણ રકમ લીધા સિવાય રહેવાની પ્રથમ પસંદગી આપવાનો ઠરાવ થયો. ૧૯૬૬થી યોગેશ્વરજી વર્ષમાં પાંચેક માસ ત્યાં રહેતા. પ્રત્યેક વર્ષે ચાર માસ પ્રવચનો ચાલતાં. જનતા તેમાં રસ લેતી તેથી સોસાયટીના સભ્યો વધ્યા.

જનસંપર્ક વધતાં યોગેશ્વરજીને ઠેરઠેરથી પ્રવચનો માટે આમંત્રણો મળવાં લાગ્યાં. વિવિધ શહેરોનગરોમાં તેમનાં વ્યાખ્યાનો યોજાવા લાગ્યાં. ૧૯૬૯થી '૭૬ સુધીના સમયમાં મસૂરીનાં પ્રવચનો દરમિયાનિ ચાળીસ હજાર રૂપિયા જેટલી રકમ એકઠી કરવામાં આવેલી. તેમાંથી વિદ્યાર્થીઓની સેવાનું કલ્યાણકર્મ શરૂ થયું. મસૂરીનાં પ્રવચનોમાં સરીલાનરેશ અવારનવાર આવતા. ૧૯૬૫માં તેમણે યોગેશ્વરજીને સરીલા આવવા આમંત્રણ આપ્યું. યોગેશ્વરજી ગયા. ત્યાં સત્તર દિવસ સુધી સાંજે દોઢ કલાક તેમણે ગીતાપ્રવચનો કર્યાં. વડોદરામાં થિયોસોફિકલ સોસાયટી તરફથી પ્રવચનો યોજાયાં. ૧૯૭૫માં અમૃતસરમાં વેદાંતકેસરી નિર્મલજી મહારાજે યોજેલા વેદાંત સંમેલનના રજતજયંતી મહોત્સવમાં યોગેશ્વરજીએ પ્રવચનો આપેલ. છેલ્લા દિવસે તેમની અધ્યક્ષ તરીકે નિયુક્તિ થઈ હતી. ૧૯૭૫માં લદાયેલી કટોકટીથી તેઓ વ્યથિત થયેલા.

તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા હતા. સ્ત્રીમાત્રમાં તેમને જગદંબાનું દર્શન થતું. ઈશ્વરને પણ તેઓ 'મા'ના રૂપે જ જોતા અને ભજતા. તેમના જીવનવ્યવહારમાં શીલ, સદાચાર, સંયમ, સાદાઈ અને સૌ પ્રત્યે શુભભાવનાનાં દર્શન થતાં. તેમણે



ગાંધીજીનો પ્રભાવ ઝીલીને ખાદી ધારણ કરેલી, સ્વદેશીવ્રત લીધેલું અને દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં બલિ થવાની ભાવના સેવી હતી. ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે તેમણે 'ગાંધીગૌરવ' નામક મહાકાવ્ય રચેલું જે કાકાસાહેબ કાલેલકર અને મોરારજી દેસાઈના આમુખ સાથે નવજીવન દ્વારા પ્રગટ થયેલું.

યોગેશ્વરજીના જીવનમાં અધ્યાત્મ સાધનાની સાથે સાથે સાહિત્યસાધના ચાલતી હતી. ૧૯૪૩ થી ૧૯૮૪ સુધી સતત ચાલેલી કલમ દ્વારા તેમણે ૧૫૦ જેટલાં પુસ્તકોનું લેખન કરેલું. તેમાં ૪ મહાકાવ્યો, ૨૫ ઊર્મિકાવ્યોના સંચયો, ૧૪ ગદ્યકાવ્ય સંચયો, ૧૫ નવલકથાઓ, ૧ નાટક, ૧ નવલિકાસંગ્રહ, ૩ જીવનચરિત્રો, ૫ આત્મચરિત્રાત્મક કૃતિઓ, ૬ પ્રવાસ પુસ્તકો, ૩ રેખાચિત્ર સંચયો, ૨ પત્રસંગ્રહો, ૩ પ્રસંગચિત્રો, ૭ યોગદર્શનવિષયક ગ્રંથો, ૭ ઉપનિષદવિષયક ગ્રંથો, ૨૬ ધર્મવિચારના ગ્રંથો, ૩ ગદ્યાનુવાદો અને ૬ પદ્યાનુવાદોનો સમાવેશ થાય છે. તેમનું બૃહદ્ આત્મવૃત્તાંત 'પ્રકાશના પંથે'ના બે ભાગમાં પ્રકાશિત થયું છે. તેનો હિન્દી અનુવાદ અને સંક્ષેપ પણ પ્રગટ થયા છે. ૧૯૫૩માં પ્રકાશિત 'સરળગીતા'ની સંખ્યાબંધ આવૃત્તિઓ થઈ છે અને બે લાખથી વધુ નકલો વેચાઈ છે. તેમણે કરેલા 'શિવમહિમ્નઃ સ્તોત્ર' અને 'વિષ્ણુસહસ્રનામ'ના સમશ્લોકી અનુવાદ લોકપ્રિય થયા છે. તેમણે તુલસીદાસકૃત 'રામચરિતમાનસ'નો ગુજરાતીમાં ભાવાત્મક પદ્યાનુવાદ કર્યો છે. મૂર્ધન્ય વિવેચક અનંતરાય રાવળે તેની પ્રસ્તાવના લખી છે. 'રામાયણદર્શન' સીતાહરણ પછીની ઘટનાઓને કેન્દ્રમાં રાખી રચાયેલું મહાકાવ્ય છે. 'મહાભારતનાં મોતી'એ મહાભારતના પ્રસંગવિશેષોને આધારે લખાયેલો

ચિંતનાત્મક ગ્રંથ છે. શ્રીમદ્ ભાગવત અને ભગવદ્ ગીતા વિશે પણ તેમણે લખ્યું છે. 'ગીતાદર્શન' નિમિત્તે યોગેશ્વરજીએ વાસ્તવમાં વિરાટ વિશ્વદર્શન કરાવ્યું છે. ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રના ગ્રંથોનું તેમને અનુભવાત્મક જ્ઞાન હતું અને તે તેમણે સામાન્ય લોકો સમજી શકે એવી સરળ પ્રાસાદિક શૈલીમાં વ્યક્ત કર્યું છે. તત્ત્વચિંતનનું તેમણે આપેલું વિપુલ સાહિત્ય ગુજરાતના ધર્મતત્ત્વવિચારમાં અનોખી ભાત પાડે છે.

યોગેશ્વરજીનાં પ્રવચનો ભારતભરનાં ભિન્ન ભિન્ન રાજ્યોમાં-શહેરોમાં તથા ગામડાંઓમાં યોજાવા લાગ્યાં હતાં. તેથી તેમની કીર્તિ દેશપરદેશમાં ફેલાવા માંડી અને એમાંથી વિદેશયાત્રા આરંભાઈ. ઈ.સ. ૧૯૭૭ થી ૧૯૮૪ દરમિયાન તેમણે ઇંગ્લેન્ડ અમેરિકા, કૅનેડા, ઝામ્બિયા, દક્ષિણ આફ્રિકા વગેરે દેશોની મુલાકાત લઈ ભારતીય સંસ્કૃતિ અને આત્મકલ્યાણલક્ષી અધ્યાત્મનો પ્રચાર-પ્રસાર કર્યો. તેમની પાંચ પૈકી છેલ્લી ત્રણ વિદેશયાત્રાઓમાં તેમનાં પરમ શિષ્યા 'મા' સર્વેશ્વરી તેમની સાથે હતાં.

યોગેશ્વરજીના સાન્નિધ્યમાં ગુજરાતમાં દર વર્ષે સાત દિવસનો શિબિર યોજાતો. તેમાં મોટી સંખ્યામાં સાધકો સમ્મિલિત થતા. ૧૯૭૩ થી '૮૩ દરમિયાન આવા દસ ધ્યાનસાધના શિબિરો યોજાયા હતા. ૧૯૭૮માં યોગેશ્વરજીએ સમાજસેવા અર્થે 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરેલી જે આજે 'મા' સર્વેશ્વરીની રાહબરી હેઠળ પ્રશસ્ય કાર્ય કરી રહ્યું છે. ગુજરાતની પ્રજાને એક સારું સસ્તું સામયિક આપવાના શુભાશયથી તેમણે ઈ.સ.૧૯૭૯માં આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક 'અધ્યાત્મ' શરૂ કરેલું જે આજે પણ ચાલુ છે.



યોગેશ્વરજીનાં પ્રવચનો દરમિયાન અમદાવાદ, વડોદરા, ભાવનગર, સૂરત, મુંબઈ, મોરબી અને રાજકોટ જેવાં શહેરોમાં ધ્યાનકેન્દ્રોની સ્થાપના થયેલી જેમાં દર રવિવારે સાધકો સમૂહધ્યાનના કાર્યક્રમ યોજતા. કૅનેડાના ટોરન્ટો શહેરમાં પણ આવું ધ્યાનકેન્દ્ર ચાલે છે. ૧૯૮૩માં યોગેશ્વરજીએ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં સકલ એપાર્ટમેન્ટમાં 'સત્યપથ' નામક નાનકડું નિવાસસ્થાન પસંદ કરેલું. એમાં પૂજ્યશ્રીનું નાનકડું મંદિર છે અને તેમનાં માતાજી જ્યોતિર્મયીનો સ્મૃતિખંડ પણ છે. સત્ય પથ પર ચાલનાર સાધકો દર રવિવારે અહીં એકત્ર થઈ સત્સંગ કરે છે. યોગેશ્વરજીના સંકલ્પનું મૂર્તિમંત સ્વરૂપ તે 'સ્વર્ગારોહણ'. તે અંબાજીના દાંતારોડ પર આવેલું છે. યાત્રીઓને ઊતરવાની સરસ સુવિધા તેમાં ઉપલબ્ધ છે.

યોગેશ્વરજી 'મા' સર્વેશ્વરી સાથે ૭ માર્ચ ૧૯૮૪ના રોજ મુંબઈ માધવબાગના મેદાનમાં રામાયણ ઉપર પ્રવચન આપવા પધાર્યા હતા. એક સપ્તાહ પ્રવચન ચાલ્યાં. ૧૮મી માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન મુંબઈના કાંદિવલીના લક્ષ્મીનારાયણ મંદિરના હૉલમાં શ્રીમદ્ ભાગવત ઉપર તેમનાં પ્રવચનોનું આયોજન કરાયું હતું. પ્રથમ દિવસે જ ૧૮ માર્ચ '૮૪ના રોજ ચાલુ પ્રવચને જ તેમણે દેહ છોડેલો. તેમનાં સમર્થ શિષ્યા 'મા' સર્વેશ્વરી 'સ્વર્ગારોહણ' સંસ્થા દ્વારા યોગેશ્વરજીનું સત્સંગપ્રધાન જનકલ્યાણલક્ષી જીવનકાર્ય આગળ ધપાવી રહ્યાં છે. ગુજરાતમાં અને ગુજરાત બહાર તેમનો વિશાળ અનુયાયી વર્ગ છે.

–ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

## ॥ શ્રી યોગેશ્વરજીની અવિશ્રાન્ત જીવનસાધના ॥

આજે તા.૧૫ ઑગસ્ટ, ૨૦૨૨ના 'શત યોગ વંદનમ્'ના શુભ પર્વે આપણે મહાત્મા શ્રી યોગેશ્વરજીને 'આપણા પરમ પ્રભુ' તરીકે વંદીએ છીએ. 'દિવ્યતાના અવતરણ' તરીકે તેઓશ્રીનું અભિવાદન કરી શકીએ છીએ. આ કોઈ દૈવી ચમત્કાર નથી, એમની જીવનભરની અવિશ્રાન્ત સાધનાનું સહજ પરિણમન છે, પ્રાગટ્ય છે; પ્રાપ્તિ છે.

હા, એક વ્યક્તિનું જાગૃત થઈ જવું સમગ્ર માનવજાતમાં જાગરણની એક લહેર પહોંચાડી દે છે. આ ભીતરનું અર્થશાસ્ત્ર છે જેમાં મેળવે છે એક જણ, મળે છે સર્વને ! એકને આત્માની ઉપલબ્ધિ થાય તો એની સંનિધિમાં આવનારનું પણ 'આત્મતત્ત્વ' ઉપર તરી આવે ને 'અહંકાર' નીચે બેસતો જાય. એને 'સત્સંગનો ચમત્કારક' ગણવો હોય તો ગણી શકાય. અરે ! આવી 'ચમત્કાર વિભૂતિ' માટે વિચારવું, લખવું, બોલવું, સાંભળવું સર્વ સાધનાનો એક ભાગ બની જાય, જે અધ્યાત્મમાર્ગે ભારે સહાયકારી બની રહે.

જો કે શ્રી યોગેશ્વરજી જેવા મહાત્માને ઓળખવા જતાં એક પ્રતીતિ ચોક્કસ થાય છે કે 'આપણે તેમને ઓળખીએ છીએ એમ કહી શકાતું નથી. તો એમને નથી ઓળખતા એવું પણ કહી શકાય એમ નથી.' કારણ કે તેમની તથા પૂજ્યશ્રી'મા'ની કૃપાથી આપણી આગળ તેમનું 'સ્વ-રૂપ' પ્રગટી શક્યું છે.

બીજી રીતે કહીએ તો પૂજ્યશ્રી'મા'નું સ્વરૂપ જેમ જેમ આપણી આગળ સ્ફુટ થતું જાય છે તેમ તેમ પૂજ્યશ્રી યોગેશ્વરજીનું સ્વરૂપ પણ વધારે ને વધારે સ્પષ્ટ થતું જાય છે.



તેમાંય જ્યારે પૂજ્યશ્રી'મા' કહે કે; 'પૂજ્યશ્રી આપણને છોડીને ક્યાંય ગયા નથી. સ્થૂળ દેહની મર્યાદાઓ ઓળંગી જઈને વધુ વ્યાપક કે સઘનરૂપે પ્રગટ થયા છે; ત્યારે આપણી દૃષ્ટિ પૂ.'મા'ની આત્મશ્રી પર સ્થિર થાય ને એ સ્વચ્છ દર્પણમાં સદ્‌ગુરુશ્રીની શાશ્વતી સહેજે અનુભવાય.'

પૂજ્યશ્રી'મા'એ તો એક જ વાક્યમાં એ પરમ વિભૂતિનો સંપૂર્ણ પરિચય આંકી દીધો છે : 'તેઓશ્રી પોતાના જીવનની પ્રત્યેક પળ જાગૃતિપૂર્વક જીવ્યા છે.' આ એક જ વાક્ય-મહાવાક્યની ધરી પર આજનો વાર્તાલાપ 'સરોડાના કુળદીપકમાં અધ્યાત્મની સૂર્યની આભા કેવી રીતે ઊતરી ?' ઊભો છે.

કોઈને પ્રશ્ન થાય કે બધાં જીવે છે તો જાગૃતિપૂર્વક જ ને ? ઊંઘતાં-ઊંઘતાં જીવાય ખરું ? તો એનો ઉત્તર એ છે કે, પારણાથી ચિતા સુધીની યાત્રા તો બધાં જ કરે છે, પણ દરેક વ્યક્તિ માટે 'જીવન' બે દિશાઓ ખુલ્લી મૂકે છે : એક બહારની અને બીજી ભીતરની.

હવે જો યોગેશ્વરજી બહારની દિશામાં જ જીવ્યા હોત તો સરોડાનો એક ખેડૂતપુત્ર ૯ વર્ષની કોમળ વયે પિતાનું છત્ર ગુમાવતાં, મામાની સાથે મુંબઈ જઈ, અનાથાશ્રમમાં ભણી, હોંશિયાર હોવાથી કૉલેજનો અભ્યાસ પૂરો કરી, ગુજરાતીમાં પ્રૉફેસર થઈ, ન્યાતની કોઈ કુલીન કન્યા સાથે સંસાર માંડી, ધન, પદ, પ્રતિષ્ઠાના મોહમાં મોહમયી નગરીની ભીડમાં ભળી જઈ; તા.૧૫ ઑગસ્ટથી તા.૧૮ માર્ચ ૧૯૮૪ સુધી પોતાને એનાયત થયેલો સમય સુખેથી પસાર કરી શક્યા હોત. બહુ બહુ તો એક માતૃભક્ત, સમાજસેવક, રાષ્ટ્રભક્ત કે શ્રેષ્ઠ સાહિત્યસર્જક તરીકે કે સજ્જન, સત્યપ્રિય નાગરિક તરીકે

નામના કમાઈ શક્યા હોત. પણ આ બધી સંપદા એમની શ્વાસલીલા સંકેલાઈ જતાં નામશેષ થઈ જાત. પેલા સોલોમનની જેમ સોમવારે જન્મ્યો, મંગળે શાળાએ ગયો, બુધે કૉલેજ કરી, ગુરુએ નોકરી, શુક્રવારે કન્યા વરી, શનિએ સંસાર માંડ્યો ને રવિએ કહ્યું 'રામરામ' જેવી સ્થિતિ થાત.

પણ મરણશીલ મનુષ્યની નિયતિ સામે શ્રી યોગેશ્વરજીએ 'અમૃતસ્ય પુત્ર' બનવાનું બીડું ઝડપ્યું. માત્ર સમજણથી જ નહિ, દૃઢ સંકલ્પથી, ભીષ્મ પ્રતિજ્ઞાથી ભીતરની દિશામાં ચાલી નીકળ્યા. સ્વયં સુધી પહોંચ્યા, પરમાત્મા પ્રાપ્ત કરી લીધા !

જે સરોડાના કુળદીપક થઈને થંભી જાત એ જોતજોતામાં 'અધ્યાત્મનો સૂર્ય' સિદ્ધ થયા.

આપણે ત્યાં સંત-મહાત્મા જન્મને યોગભ્રષ્ટ આત્મા તરીકે ઓળખવાની ચાલ છે. પણ યોગેશ્વરજીએ એ માન્યતાને રદિયો આપતાં સ્પષ્ટ કહ્યું; 'મારા શરીરનો જન્મ તદ્દન સામાન્ય લૌકિક રીતે જ થયો હતો.'

અર્થાત્ જન્મ સાધારણ પણ જીવન અતિ અસાધારણ ! 'દૈવાયત્તં કુલે જન્મ, મદાયત્તં તુ પૌરુષમ્'ની જીવતી મિસાલ બન્યા.

એક સામાન્ય ખેડૂતપુત્ર ઈશ્વર પ્રત્યેની અદમ્ય પ્રીતિનું અંતરમાં વાવેતર કરી, એનું હર હાલમાં પ્રાણપણે જતન કરીને મનુષ્યત્વની સંભવિત સર્વ ઊંચાઈઓને આંબી, પૂર્ણ દેવત્વ સુધી પહોંચી ગયા !

આમાં કોઈ દૈવી ચમત્કાર ન હતો. જીવનની એકે એક ક્ષણની જાગૃતિ, અપ્રમાદ ને કઠિનમાં કઠિન તપશ્ચર્યાથી સિદ્ધ કરેલી હકીકત હતી.

પૂજ્યશ્રી યોગેશ્વરજી 'પ્રકાશના પંથે' આત્મકથામાં અત્યંત



પારદર્શક રીતે પોતાના જીવનની એકેએક હકીકતને નિર્ભ્રાન્તિથી રજૂ કરે છે. બાળપણમાં અચાનક આવી પડેલ આઘાત સામે મુંબઈના અનાથાશ્રમમાં વેદના-ફરિયાદનો એકે હરફ ઉચ્ચાર્યા વિના, 'પરિસ્થિતિ સાથે સંઘર્ષમાં ઉતરવાને બદલે' એનાં શુભતત્ત્વો જેવાં કે સાદગી, નિયમિતતા, સ્વચ્છતા, સ્વાશ્રય, સ્વાસ્થ્ય જાળવણી, વ્યાયામની અગત્યતા, સદ્‌ગ્રંથોનું વાંચન, શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ, સાહિત્યલેખન ગૃહપતિના દુર્વ્યવહાર છતાં તેમને સાજા કરવા પ્રભુ પ્રાર્થના માટે સહાધ્યાયીઓને પ્રેરવા. એવાં અંતરંગને સમૃદ્ધ કરતાં તત્ત્વો તે આત્મસાત્ કરી લે છે.

છેક કૉલેજકાળ સુધી ગરીબી, સ્વજનવિહીન એકલતા, જેવાં પ્રતિકૂળ બળો એને 'અભાવગ્રસ્ત બનાવવાને બદલે સ્વભાવની નજીક' લાવતાં જાય છે. તે એટલી હદ સુધી કે શ્રી રામકૃષ્ણ જેવી જગદંબાની આરાધના કરવા જપ, મૌન, જાગરણ, ધ્યાન, સાધુસત્સંગ, એકાન્ત જેવાં સાધનોમાં એમને આકર્ષણ જાગે છે.

સ્વામી રામતીર્થના પુસ્તકના પ્રભાવથી એમનું હૃદય હિમાલય જવા ઝૂરે છે. (એક ધન્યક્ષણે મુંબઈ, વડોદરા, સરોડા, ગુજરાત) સમસ્ત સંસાર તજી હિમાલય જવાનો નિર્ણય કરી લે છે. પોતે લખેલા લેખોનો પુરસ્કાર લેવા સ્વામી અખંડાનંદજી પાસે જાય છે, તો એમની ગુણસંપત્તિથી વિશિષ્ટ સહાય મેળવવા સુભાગી બને છે હિમાલય જઈને જ જંપે છે. શિવાનંદ સ્વામીનો જાકારો પણ તેમને નિરુત્સાહિત ન કરી શક્યો. અને એવામાં શ્રીકૃષ્ણનાં દર્શન થતાં પ્રભુ પોતાની સાથે છે એ શ્રદ્ધા દૃઢ બની.

પછી તો ૧૯૪૧માં હૃષીકેશ જઈ, હિમાલયની હાડ

થિજાવતી ઠંડીમાં પૂરાં વીસ વર્ષ આકરી તપશ્ચર્યા કરી સાધનાનો જટિલ પંથ એકલે હાથે જ ખેડ્યો. સતત સાવધ, જાગ્રત, કડક આત્મનિરીક્ષક રહીને અપૂર્વ લગન, અપાર ધીરજ, અગણિત ઉપવાસો, પ્રાર્થનાઓ, ધ્યાન, સત્સંગ, સમાધિ વગેરેના અગણિત પ્રયોગો કર્યા. 'મા' સર્વેશ્વરી કહે છે તેમ; 'સામાન્ય સાધકમાંથી સિદ્ધ યોગીમાં રૂપાંતર પામ્યા.' એ પુણ્યપ્રવાસી મહાયાત્રી બની પૂર્ણયાત્રી કહેવાયા.

પોતે પૂર્વજન્મમાં રામકૃષ્ણદેવ હતા આ જ્ઞાન જુદી જુદી રીતે થયું હોવા છતાં 'મારે પૂર્વજન્મના નામને વટાવીને યશસ્વી નથી થવું' એમ કહી 'આપણે બધા પ્રભુમાંથી અવતરણ પામેલા પ્રભુના અવતારો જ છીએ ને !' કહી અધ્યાત્મજગતમાં ચકચાર જગાવી દે, વિવાદના વંટોળ ઊભા કરે એ ઘટના પર કેટલી શાંતિથી ઠંડુ પાણી રેડી દીધું !

તેઓશ્રીએ પોતાને માટે 'બધે નિવાસી' લખવા કહ્યું. જેમની ચેતના આવી વિશાળી, સર્વવ્યાપી બની ગઈ તે આત્મરત થઈ બેસી ન ગયા, વિશ્વકલ્યાણનો આદર્શ હંમેશ નજર સમક્ષ રાખ્યો. અને દેશવિદેશમાં વિહરી સાચો જીવનસંદેશ આપ્યો.

ઈ.સ.૧૯૬૦ થી પ્રતિદિન ત્રણ કલાક લેખનને ફાળવતા શ્રી યોગેશ્વરજીના 'ચૈતન્યના મહાઓઘ'ને સત્કારતાં શ્રી અનંતરાયે કહેલું, 'એમના અવિશ્રાંત કર્મયોગનું આ ફળ છે.'

જાણે આપણો 'સમગ્ર અધ્યાત્મવારસો' પૂજ્યશ્રી યોગેશ્વરજીએ ગુજરાતીમાં અવતાર્યો !

સૌથી મહત્ત્વની વાત શ્રી યોગેશ્વરજીમાં જે અનુભવાય છે તે એમની 'નિર્ભ્રાન્ત, વિશદ અધ્યાત્મસૂઝ' છે. તેમણે સ્પષ્ટ કહ્યું; 'માણસે કેવળ ઈશ્વરદર્શન કરીને કૃત્યકૃત્યતા માની લેવાની



જરૂર નથી. પંચમહાભૂત પર પૂર્ણ સ્વામિત્વ પ્રાપ્ત કર્યા પછી એવી શક્તિ સહજ સિદ્ધ થાય કે તેના સાન્નિધ્ય, સ્પર્શ, સંકલ્પથી જ ઘણાંનું કલ્યાણ થાય. એ વિના માણસ કોઈને કશું જ સ્થાયી આપી શકે નહિ. આવા જીવનકાર્ય માટે જ આ શરીરનું ધારવું થયું છે.' પૂ.શ્રી 'મા' કહે છે કે, પૂજ્યશ્રીએ હાથમાં પેન પકડી હોય ને એ સ્વયં સંચાલિત થઈ અક્ષરો પાડે. હાથમાં કદી કોઈ ચીઠ્ઠી-ચબરખી ન રાખતા. બધાં જ શાસ્ત્રો કંઠસ્થ ! અર્થ ન સમજાય તો ગ્રંથના મૂળ ઋષિને બોલાવીને જ પૂછી લે. સાચે જ શ્રી યોગેશ્વરજીનો અક્ષરવૈભવ દિવ્ય-અલૌકિક 'મા' શારદાનો સીધો કૃપાપ્રસાદ છે !

તેઓશ્રી કહેતા; 'હું સ્થાનક ઊભું કરવામાં માનતો નથી. આ શરીરથી ઈશ્વરનાં જે કાંઈ સારાં કામ થઈ શકે તે જીવીએ ત્યાં સુધી, છેલ્લો શ્વાસ લઈએ ત્યાં સુધી કરીએ એના જેવું રૂડું બીજું શું ?'

—અને શ્રી યોગેશ્વરજી ખરેખર છેલ્લા શ્વાસ સુધી ઈશ્વરનું કામ-પ્રવચન કરતાં જ શાન્ત થઈ ગયા પણ સમસ્ત જગત માટે 'પ્રકાશનો પંથ-પ્રભુપ્રાપ્તિનો રાહ' નિર્દેશતા ગયા.

આમ શ્રી યોગેશ્વરજી અનન્ય, અદ્વિતીય સંત હતા જ. પણ એમની પુણ્યસંનિધિમાં સંતત્વ પામનાર 'મા' સર્વેશ્વરી પણ પારસ્પર્શે પારસ બની જઈ, લોકકલ્યાણના યજ્ઞમાં સતત સમિધસ્વરૂપે રહી, અતિસ્નેહથી આપણા જેવા જીવોના લોઢાને સુવર્ણમાં પલટાવવા મથી રહ્યાં છે. વિનમ્રભાવે કહી રહ્યાં છે. 'લક્ષ્યપ્રાપ્તિ માટે ગમે તે ભોગ આપવા તૈયાર છીએ. પૂજ્યશ્રીએ જે પાઠ આપ્યો છે તે યોગ્યરૂપમાં ભજવાઈને રહેશે.'

તો એક પરમ સંતની પ્રતિકૃતિ 'મા' રૂપે આપણને પ્રાપ્ત થઈ

એ જગતની શ્રી યોગેશ્વરજીની 'અણમોલ દેન' છે. સંતો શિષ્યો-અનુયાયીઓની મંડળી તૈયાર કરે પણ સમકક્ષ બરોબરીના સંતને પ્રત્યક્ષ કરનાર કેટલા ?

આમ, શ્રી યોગેશ્વરજીનું સંપૂર્ણ જીવન જોતાં જણાય છે કે, દિવ્યતાનું અવતરણ અને માનવચેતનાનું ઊર્ધ્વીકરણ એક પછી એક બનતી ઘટના નથી, બંનેની સહોપસ્થિતિ છે.

સાધારણ જીવો શરીર-મનને સર્વસ્વ માની, મગરમચ્છ પર બેસી નદી પાર કરવાનો નિષ્ફળ પ્રયત્ન કરે જ્યારે આત્માર્થી નિશ્ચિતપણે ભવસાગર પાર કરી, કંઈ કેટલાયને એ પાર કરવાનો માર્ગ ચીંધે છે.

સાચે જ પૂજ્યશ્રી યોગેશ્વરજી 'માનવીય ગરિમા'નું મૂર્તિમંત સ્વરૂપ બની ગૌરવથી કહી શકે તેમ છે :

'દાસ કબીરા જતનસે ઓઢી, જ્યોંકી ત્યોં ધર દી ચદરિયા.'

હવે જ્યારે શ્રી યોગેશ્વરજીની ચેતના વિશ્વચેતના સાથે એકરૂપ થઈ, વિશ્વના સર્વમંગલ માટે 'ઉત્તમોત્તમ રાહબર' તરીકે 'મા' સર્વેશ્વરીને પ્રતિષ્ઠ કરી આપણને 'અસ્ખલિત પ્રેમધારાનું અભય વરદાન ધરી જ રહે છે.' ત્યારે એ ધારામાં ભીંજાઈ ધન્ય થયા સિવાય, પ્રક્ષાલિત થયા વિના કરવાનું પણ શું શેષ રહે છે ?

તો ઉભય ચૈતન્યસ્વરૂપોને પુનઃ પુનઃ પ્રણમી વિરમીએ.

**–તરલા દેસાઈ**

**('શત યોગવંદનમ્' પર્વ નિમિત્તે આયોજિત વાર્તાલાપ)**



# ॥ ગીતાસંદેશ ॥

'ગીતાસંદેશ'એ ગીતાવિષયક લેખોનો સંગ્રહ છે. એની પ્રસ્તાવનામાં યોગેશ્વરજી કહે છે કે, "ગીતા શું શીખવે છે એના કરતાં ગીતા શું નથી શિખવતી એ પ્રશ્ન વિચારવા જેવો છે. ધર્મ, તત્ત્વજ્ઞાન, સાધના, આધ્યાત્મિકતાના સંબંધમાં ગીતાએ પર્યાપ્ત પ્રાણવાન પ્રકાશ પાડ્યો છે. જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગના ગૂઢાતિગૂઢ રહસ્યોની રજૂઆત કરીને એણે માનવજાતિ માટે મહામૂલ્યવાન મહત્ત્વનું કલ્યાણકાર્ય કર્યું છે. ગીતા શું શીખવે છે ? કર્તવ્ય કરવાનું. સ્વધર્મનું સમ્યક્ પાલન. કર્તવ્યનો ત્યાગ એને લેશ પણ પસંદ નથી પડતો. એ ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મનને સ્વસ્થ અને શાંત રાખવાનું, હિંમત કેળવવાનું, નીતિ, સદાચાર, માનવતાને ના છોડવાનું, પરમાત્માને શરણે જવાનું, અને પ્રાર્થવાનું શીખવે છે. ગીતાના એ અને એવા બીજા જીવનોપયોગી સંદેશને આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યા છે."

આ પુસ્તકમાં ગીતાવિચાર, ઉત્ક્રાંતિના ત્રણ તબક્કા, સર્વકાલીન સંદેશ, યુદ્ધનાં કારણો, સાર-સંદેશ, વિષાદયોગ, વિકાસની વિવિધ કક્ષાઓ, ગીતા અને કૃષ્ણ, આચારસંહિતા, ગીતાની યજ્ઞભાવના, ગીતાનો યોગ વગેરે મહત્ત્વના વિષયો ઉપર ચર્ચા કરવામાં આવી છે.

'ગીતાવિચાર'માં લેખક કહે છે કે ગીતા સર્વકાલીન સાહિત્યગ્રંથ છે. તે ભારતીય સંસ્કૃતિનું હૃદય છે. ગીતાને કારણે ઘર તીર્થ બને છે. ગીતા જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગના ચતુર્વિધ સાધન-સમન્વયના સંદેશને સંભળાવનારો મંગલમય મહાગ્રંથ છે.

'ઉત્ક્રાંતિના ત્રણ તબક્કા' એ લેખમાં લેખકે ગીતામાં ઉત્ક્રાંતિનું દર્શન કર્યું છે. માણસ બદ્ધ હોય છે તે મુક્ત બને છે તે અર્જુનના હૃદયપરિવર્તન દ્વારા દર્શાવ્યું છે. તેમાં ધર્મક્ષેત્ર-ઉત્ક્રાંતિના ત્રણ તબક્કા જોવા મળે છે. પહેલાં અર્જુન મોહથી ગ્રસ્ત બને છે. પછી શ્રીકૃષ્ણ તેને જ્ઞાન આપીને પ્રબુદ્ધ કરે છે. તેમાં માનસિક ઉત્ક્રાંતિવાદ રહેલો છે.

'સર્વકાલીન સંદેશ' એ લેખમાં લેખકે મહાભારતના મહાયુદ્ધની ભૂમિકામાં મહાનુભાવોની અવસ્થાનું વિશ્લેષણ કર્યું છે. અને એમાંથી ચેતના, જીવન, શક્તિ, પ્રેમ, આનંદ અને શાંતિનો જે જીવનસંદેશ લાધે છે તે દર્શાવ્યું છે.

'યુદ્ધનાં કારણો' નામના લેખમાં લેખક કહે છે કે મહાભારત મહાયુદ્ધનું એક કારણ દુર્યોધનનો દુર્ભાવ કે દ્વેષભાવ હતું. બીજું કારણ છે ધૃતરાષ્ટ્રની દુર્યોધન આદિ કૌરવો માટેની વધારે પડતી મમતા અને નરમ નીતિ. તો ત્રીજું કારણ છે દ્યૂત. ચોથું કારણ છે સ્ત્રીનું અપમાન. દુર્યોધને અને દુઃશાસને રજસ્વલા દ્રૌપદીને સભા વચ્ચે કેશ પકડીને ખેંચી લાવીને નગ્ન કરવાનો પ્રયાસ કર્યો એમાંથી મહાયુદ્ધ સર્જાયું.

'સારસંદેશ'માં લેખક આપણને ગીતાનો તત્ત્વસાર દર્શાવે છે. આ પૂર્વે 'ગીતાતત્ત્વવિચાર'માં ગીતાનાં સારતત્ત્વો વિશે બબ્બે લેખ આવી ગયા છે. અહીં તેનું પુનરાવર્તન જ છે. મુખ્ય ભાર માનસશાસ્ત્રની દૃષ્ટિ, પ્રાર્થના અને ભગવાનની શરણાગતિ ઉપર મૂકવામાં આવ્યો છે. તેઓ કહે છે કે આખી ગીતાના મુખ્ય ઉપદેશ તરીકે ''ભજસ્વ મામ્'' એ બે શબ્દોને યાદ રાખીએ તો પણ ચાલે. કૃષ્ણ કહે છે કે તારું શ્રેય ચાહતો હોય તો મને જ ભજજે.



'વિષાદયોગ'માં લેખકે એક દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે કે જ્યારે સ્વજનો સંકળાયેલા હોય છે ત્યારે કર્તવ્ય બજાવવાના પ્રશ્નો ઊભા થાય છે. અર્જુનને યુદ્ધમેદાનમાં સ્વજનોને જોઈને વિષાદ થયો હતો. આ વિષાદમાંથી યોગ થાય છે. રાજા ભર્તૃહરિને વૈરાગ્ય થયો હતો, તેમ અર્જુનને વિષાદ થયો તો જીવનનું તત્ત્વજ્ઞાન મળ્યું. તેમણે તુલસીદાસ અને રત્નાવલીનો દાખલો આપીને કહ્યું છે કે માણસે મોહમાંથી પ્રેમમાં ઊર્ધ્વીકરણ કરવું જોઈએ. રત્નાવલીના શબ્દોથી તુલસીદાસજી ચેતી ગયા, અને ઈશ્વરપ્રાપ્તિના યોગમાં ભળી ગયા. એમ અર્જુનનો વિષાદ પણ ભગવાન તરફ લઈ જનારો હતો, તેથી યોગ બની ગયો.

'તરીશ અથવા નાશ પામીશ'માં લેખક ગીતાના અઢારમાં અધ્યાયના ૫૭, ૫૮ અને ૬૬માં શ્લોકનું વિવેચન કરે છે. કૃષ્ણ અર્જુનને કહે છે કે મારામાં ચિત્તવાળો થવાથી મારી કૃપા થશે. એ કૃપાથી સઘળાં સંકટોને તરી જઈશ. જો મારા શબ્દોને અહંકારપૂર્વક નહીં સાંભળે, તો વિનાશ પામશે. એમાંના 'તરી જઈશ' અને 'વિનાશ પામીશ' એ બંને શબ્દોનું લેખકે વિવેચન કર્યું છે. તેમજ કૃષ્ણના 'સર્વધર્મનો પરિત્યાગ કરીને તું એક મારે શરણે આવ. હું તને સર્વ પ્રકારનાં પાપથી મુક્તિ આપીશ.' એની પણ સમજૂતી આપી છે. લેખક કહે છે કે ભવસાગરને તરી જવા માટે કે મોક્ષ માટે ઈશ્વર સાથે સંબંધ બાંધવો આવશ્યક છે. સતત યુક્ત દશા રહેવી જોઈએ. આત્માની મુખ્ય 'પાઈપલાઈન' દ્વારા પરમાત્માનો સંબંધ સધાવો જોઈએ.

'બીજ, શક્તિ તથા કીલક' એ લેખમાં લેખકે ગીતાના બીજરૂપ, શક્તિરૂપ અને કિલકરૂપ ત્રણ શ્લોકોનો પરિચય

આપ્યો છે. બીજા અધ્યાયમાંનો 'अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।' એ ગીતાના જ્ઞાનનું બીજ છે. ત્યાંથી ગીતાજ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે. 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।' એ શ્લોક ગીતાનો શક્તિરૂપ શ્લોક છે. અને 'अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामी मा शुचः ।' એ ગીતાનો કીલક છે. એટલે કે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે જેનો શોક કરવા જેવો નથી તેનો તું શોક કરે છે અને પંડિતની જેમ પ્રજ્ઞાવાદનાં વચનો બોલે છે. ત્યાંથી ગીતાના જ્ઞાનવૃક્ષનું બીજ નંખાય છે. ગીતાની શક્તિ છે ભગવાનની શરણાગતિ. કૃષ્ણ કહે છે, 'સર્વ ધર્મોને ત્યજીને તું એક મારે શરણે આવે. હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ.' એ શબ્દોમાં મોટા સમાશ્રયનું બળ રહેલું છે. અને તે જ શબ્દોરૂપી કીલકને આધારે ઈશ્વરના વચનના આલંબન ભક્તનું જીવન ચાલે છે.

'વિકાસની વિવિધ કક્ષાઓ'માં લેખકે સમજાવ્યું છે કે ગીતાએ માનવજીવનના વિકાસની સુખ-દુઃખ, હર્ષ-શોક, શાંતિ-અશાંતિ, અભ્યુત્થાન-અધઃપતન, માનવયોનિ-દેવયોનિ, પરમાત્મપદ, વગેરે વિવિધ કક્ષાઓની સમજ પૂરી પાડી છે. જગતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય કક્ષાના વિવિધ માણસો જોવા મળે છે. ગીતા આપણને ઉત્તરોત્તર મહામાનવ થવા પ્રેરે છે. લેખક કહે છે એમ માનવ-શરીર એક મહાન જંક્શન છે. એ શરીરના પ્લેટફૉર્મ પર પહોંચીને ઊર્ધ્વલોકની યાત્રા કરી શકાય. જેમ ગાડીમાં તેમ જીવન અને જગતમાં ત્રણ પ્રકારના વર્ગો હોય છે. જગતમાં કૈકેયી, મંથરા, રાવણ, કંસ, દુર્યોધન જેવાં અધમ પાત્રો છે. તો રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર, અર્જુન, ધ્રુવ,



સુરુચિ, સુનીતિ જેવાં ઉત્તમ પાત્રો છે. આત્માથી જ આત્માનો ઉદ્ધાર થાય છે. તેમ માણસે સ્વપ્રયત્ને ઊર્ધ્વીકરણ કે વિકાસ સાધવાનો છે.

'ગીતા અને શ્રીકૃષ્ણ' લેખમાં લેખક સમજાવે છે કે કૃષ્ણે આ જગતને ગીતાનું અદ્‌ભુત જ્ઞાન આપ્યું તેથી શ્રીકૃષ્ણ જગદ્‌ગુરુ કહેવાય છે. એમનો ઉપદેશ સમગ્ર માનવજાતને છે. શ્રીકૃષ્ણ સ્વયં એમણે ગીતામાં વર્ણવેલા કર્મયોગી, જ્ઞાની, ભક્ત, યોગીનો મહાન આદર્શ છે. ગીતા અને ગીતાનો સમતાવાદ શ્રીકૃષ્ણના જીવનના પ્રતિબિંબરૂપ છે. ગીતા શ્રીકૃષ્ણનું શાશ્વત શબ્દ-શરીર છે. ગીતા અને શ્રીકૃષ્ણ એક છે.

'યોગક્ષેમનું વહન'માં લેખક ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં ભક્તોને જે અદ્‌ભુત દસ્તાવેજ લખી આપ્યો છે કે જે અનન્ય ભાવે મારું ચિંતનમનન કરે છે અને મને સર્વકાળે સર્વસ્થળે ઉપાસે છે એવા મારી સાથે સદાને સારું સંબંધ બાંધી ચૂકેલા ભક્તોના યોગક્ષેમનું હું વહન કરું છું. એને વિશે સવિસ્તર ચર્ચા કરી છે. ભગવાન ભક્તોના યોગક્ષેમને એટલે કે તેમની સર્વ પ્રકારની જવાબદારીને વહન કરે છે. ભગવાને ભક્તોને આ એક મોટું સમાશ્વાસન આપ્યું છે. ભગવાન ભક્તનું ઐહિક તેમજ આધ્યાત્મિક શ્રેય સાધે છે એવી શ્રદ્ધા બંધાવી છે.

'આચારસંહિતા'માં લેખકે ગીતાના ત્રીજા અધ્યાયના એકવીસમા શ્લોકની ચર્ચા કરી છે. તેમાં કહ્યું છે કે શ્રેષ્ઠ પુરુષ જેવો આચાર કરે છે તેવો આચાર અન્ય માણસો પણ કરે છે. તે જેને પ્રમાણભૂત માને છે તેને લોકો પણ પ્રમાણભૂત માનીને ચાલે છે. આથી સમાજના સર્વોત્તમ માણસોની જવાબદારી વધી જાય

છે. તેથી શ્રેષ્ઠ માણસોએ માનવજીવનની ઉત્તમ આચારસંહિતાને વળગી રહેવું જોઈએ.

'ગીતા યજ્ઞભાવના'માં લેખકે ગીતાના અધ્યાય ત્રીજાના ૧૩ને કેન્દ્રમાં રાખીને યજ્ઞભાવનાને નવા સંદર્ભમાં સમજાવી છે. લેખક કહે છે કે સમાજમાં બીજાને માટે જીવનારા માનવો વધે છે ત્યારે સમાજ સુખી થાય છે. ગીતા કહે છે કે આપણું કર્મ અને જીવન યજ્ઞમય બનવું જોઈએ. જેઓ યજ્ઞનું બચેલું અન્ન ખાય છે તે સર્વ પાપોથી મુક્ત થાય છે. અને જે માત્ર પોતાને માટે જ રાંધે છે તે તો પાપ જ ખાય છે. ગીતાની યજ્ઞભાવના એ પરમાર્થ ને પરોપકારની ભાવના છે. લોકસંગ્રહ માટે લોકકલ્યાણ માટે સેવાયજ્ઞ કરવાનો છે. એ યજ્ઞ દ્વારા આપણે પ્રગતિ કરી શકીએ. સૃષ્ટિમાં યજ્ઞઆધારિત જીવનચક્ર ચાલે છે. તે યજ્ઞ કેવળ સ્થૂલ યજ્ઞ કે દ્રવ્યયજ્ઞ નથી, પણ સત્કર્મરૂપી યજ્ઞ છે.

'અંતસમયની સાધના'માં લેખકે અંતકાળની બ્રાહ્મી સ્થિતિની સમજ આપી છે. અંતસમયે જો બ્રહ્મદશા પ્રાપ્ત થાય તો માનવનો ઉદ્ધાર થાય છે. ગીતામાં અવારનવાર કહ્યું છે કે અંતકાળે માણસ બે ભ્રમર વચ્ચે પ્રાણને રોકીને મૃત્યુ પામે તો દિવ્ય લોકને પામે છે. અંતે જો 'ૐ' શબ્દ માણસ શરીર છોડે તો પરમ ગતિને પામે છે. અંતકાળે જે ભગવાનનું સ્મરણ કરીને શરીર છોડે છે તે ભગવાનને જ પામે છે. આ અંતસમયની સાધના એ જીવનના પરિપાકરૂપે છે.

'ગીતાનો યોગ' એ લેખમાં લેખકે ગીતાના કર્મયોગને સુપેરે સમજાવ્યો છે. ગીતાનો કર્મયોગ કર્મક્ષેત્રથી કંટાળવામાં, કર્મને ત્યાગવામાં કે ભાગવામાં નથી માનતો, પણ કર્મક્ષેત્રે વફાદાર



રહેવામાં, કર્મ ને સ્વધર્મના પાલનમાં માને છે. તેમજ ગીતા સતત કર્મ કરવાનો ઉપદેશ આપે છે. એ કર્મ તે કલ્યાણકારણ પાલનમાં માને છે. તેમજ ગીતા સતત કર્મ કરવું જોઈએ. અનાસક્ત અને નિષ્કામિ કર્મયોગ તે કર્મયોગની વિશેષતા છે. તેવી જ રીતે ગીતાએ જ્ઞાનયોગનો મહિમા પણ દર્શાવ્યો છે. એ જ્ઞાનયોગ માણસને આત્મનુભૂતિ તરફ લઈ જાય છે. તેમજ ગીતા આત્મજ્ઞાનની પ્રાપ્તિના સાધન તરીકે ભક્તિયોગનો મહિમા કરે છે. અને છેલ્લે ગીતાએ પરમાત્માની અનુભૂતિ માટે અધ્યાત્મયોગ પ્રસ્તુત કર્યો છે. યોગીને પરમ ભક્ત કહ્યો છે. સર્વ યોગીઓમાં જે યોગી મારામાં અંતરાત્માને જોડીને મને શ્રદ્ધાભક્તિપૂર્વક ભજે છે તે સર્વ શ્રેષ્ઠ છે એમ ગીતા કહે છે. આમ લેખકે ગીતાના યોગમાં ચારેય યોગનો સમાવેશ કર્યો છે.

'ગીતા શું શીખવે છે ?' એ લેખમાં લેખકે ગીતાનો સંદેશ આપ્યો છે. ગીતા કર્તવ્ય કરવાનું, સ્વધર્મનું પાલન કરવાનું શીખવે છે. આત્માની અમરતાનો સંદેશ આપે છે. જીવનના કલ્યાણ કાજે કર્મયોગનો બોધ આપે છે. કર્મને બ્રહ્માર્પણ કરવાનું કહે છે. માનવશરીર મહામૂલ્યવાન છે. તેના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કરવી જોઈએ. અનન્યભાવે શ્રદ્ધાભક્તિપૂર્વક ભગવાનમાં ચિત્ત રાખવાથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. પરમાત્માના દર્શન માટે દિવ્ય દૃષ્ટિ એટલે કે નિર્મળ અને પ્રેમભક્તિમય દૃષ્ટિ આવશ્યક છે. શરીર એક સુંદર ક્ષેત્ર છે. તેણે અક્ષરપુરુષોત્તમની આરાધના કરવી જોઈએ. આત્મજ્ઞાન પરમ જ્ઞાન છે. આ સંસારરૂપી વૃક્ષ વિકારશીલ છે. એને અનાસક્તિના શસ્ત્રથી છેદી નાખવું જોઈએ અને પુરુષોત્તમને પામવા જોઈએ. આસુરી

સંપત્તિના દુર્ગુણો ત્યજીને દૈવી સંપત્તિના સદ્‌ગુણોનો વિકાસ કરવો જોઈએ. કામ, ક્રોધ, અને લોભ એ ત્રણે નરકનાં દ્વાર છે. એનાથી મુક્તિ મેળવવી જોઈએ. આહાર, વિહાર, તપ, યજ્ઞ, દાન, જ્ઞાન વગેરેમાં ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવાથી પરમ સુખ અને શાંતિ લાધે છે. આ લેખમાં લેખકે ગીતાના અઢારે અધ્યાયનો ટૂંક સાર આપ્યો છે.

''શૌચ વિશે' લેખમાં લેખકે ગીતાની દિવ્ય સંપત્તિના એક ગુણ એવા શૌચ ગુણનો વ્યાપક પરિચય કરાવ્યો છે. શૌચ એટલે માત્ર બાહ્ય શુદ્ધિ જ નહિ, પરંતુ સત્ત્વશુદ્ધિ. આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય છે. આંતરિક શુદ્ધિ અઘરી છે. પણ તે જ મુખ્ય છે. ભારતીય સંસ્કૃતિએ તેમજ ધર્મશાસ્ત્રોએ આ શુચિતા ઉપર ખૂબ ભાર મૂક્યો છે. લેખક પોતે પોતાના શુદ્ધિ અને સ્વચ્છતાના ખ્યાલો અને આચાર-વિચારનો પણ ઉલ્લેખ કરે છે. લેખકે સ્વચ્છતામાં-ચારિત્ર્યશુદ્ધિમાં પ્રભુતાનું દર્શન કર્યું છે.

આ પ્રમાણે 'ગીતાસંદેશ'માં અનેક લેખો દ્વારા ગીતા શું શીખવે છે તે સંદેશ આપણને સમજાવ્યો છે. એમાં લેખકની પ્રગતિશીલ વિચારધારાનું દર્શન થાય છે. તેઓ ગીતાને આધુનિક દૃષ્ટિએ ચકાસે છે અને વિવિધ યોગોનો આધુનિક જીવનના સંદર્ભમાં ઉપયોગ દર્શાવે છે. તેમણે ગીતામાં જીવનવિકાસની ઉત્ક્રાંતિના ત્રિવિધ સ્તરોનું દર્શન કર્યું છે.

**—ડૉ. અરુણા ઠાકર**

**(મહાનિબંધ)**



## ॥ 'સત્યપથ'નાં સમર્પિત સેવિકાનું પ્રભુપંથે પ્રયાણ ॥



**'આ દમ-બ-દમ બોલી રહી 'ઝીણી સિતારી' આપની' કવિશ્રી કલાપીની આ પંક્તિની પ્રતિકૃતિસમા શ્રી દમયંતીબેનના પ્રત્યેક શ્વાસ-ઉચ્છ્‌વાસ શ્રીપ્રભુને સતત સમર્પિત રહ્યા. આજીવન કર્તાભાવ ઉપસાવ્યા વિના અકર્તાભાવે પ્રભુશ્રી યોગેશ્વરજી તેમજ પૂ.શ્રી'મા'નું ઉપકરણ બની ધન્ય બન્યા.**

[આપણા 'સત્યપથ'ને વર્ષો અનવરત, એકધારી સેવા ધરનાર શ્રી દમયંતીબેન નરેન્દ્રભાઈ ઠાકરે તા.૧૪-૬-૨૦૨૨ના રોજ આ પૃથ્વીપટ પરથી વિદાય લીધી.

પરંતુ પોતાના વર્તન-વ્યવહાર-વાણીથી 'સત્યપથ'નાં ગૌરવ-ગરિમા અકબંધ રાખી, અહીં આવનાર પ્રત્યેક ભાવિકની પ્રેમશ્રદ્ધા વધે એની તકેદારી રાખી, પ્રત્યેક આગંતુકને મધુર સ્મિત સાથે આવકારી, સ્વયં પવિત્રતા, નિર્મળતા, વિનમ્રતાની મૂર્તિ બની જઈ, નિરંતર પ્રભુમય ચેતનાનું એક જીવંત ઉદાહરણ બની રહ્યા.

આવા 'અખંડ સેવાવ્રતિની' શ્રી દમયંતીબેન સહજ જ પૂ.શ્રી'મા'ની શ્રી કલમમાંથી પ્રસૂત અમીમય આશીર્વચનનાં અધિકારી બને છે.

આવો, આપણે સર્વ પણ તેઓશ્રીની શાશ્વતીને પોંખનારી પૂ.શ્રી'મા'ની 'પદપ્રસાદી' દ્વારા શ્રી પ્રભુહૃદયે-શ્રી'મા' હૃદયે નિત્ય વસેલી એ 'સમૃદ્ધ આંતરસંપદા'ને વંદન કરી, વધાવીએ અને કલ્યાણપંથે તેઓશ્રી ગતિ કરે તેવું પ્રભુને પ્રાર્થીએ.]

## ॥ પૂ.શ્રી 'મા'નો પદપ્રસાદ ॥

### ॥ પ્રાર્થના ॥

મારી  રક્ષા કરવા પધારો
મને દર્શન દઈ શણગારો
મારી ચિંતા સર્વ સળગાવો
દશે દિશાથી નિર્ભય બનાવો

★

### ॥ હરિ કરે મમ હિતનું ॥

અમે તો આવ્યાં આરોગ્યધામ
અમારે દુનિયાથી શું કામ ?
વૈદ્ય ઔષધનાં દર્શન કરીશું
વેદના વધાવી લઈશું
જગથી જુદું જીવી લઈશું
પ્રાર્થના પ્રેમે કરીશું
આશીર્વાદના થાળ ચાખીશું
હરિના હિંચકે ઝુલીશું
હરિના હેતને નિત્ય સ્મરીશું
કહ્યું બધુંયે કરીશું.
સઘળું ખંખેરીને હસતાં રહીશું
ઉપકારો સામે ઝૂકીશું.
'મા' સર્વેશ્વરીના નાથને ભજીશું
આનંદલોકે  મળીશું.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**
(તા.૧૪/૦૬/૨૦૨૨)
(હરિદ્વાર)

★



### ॥ અમે ધન્ય બન્યા ॥

અમોને સેવાથી શણગાર્યાં
'સત્યપથ' પર પગલાં પડાવ્યાં.
પૂર્વજોની પરંપરાને થાળ ગણીને વધાવ્યા
સંતદર્શન ને સત્સંગ સાથે
સંસારથી  ઉગાર્યા...
પરિવારના સર્વ પુષ્પોને 'સત્યપથે' પધરાવ્યાં
શ્રી યોગેશ્વર કુળદેવ અમારે,
છત્ર ધરીને ઊભા.
મા જ્યોતિર્મયી આશિષ ધરીને
આંગણે અમને તેડ્યા
વધાવી લીધાં મા સર્વેશ્વરીને
સમજણ સાથે સ્વીકાર્યાં
દેવી દમયંતિના સર્વ જન્મોને
સુકાની બની સંભાળ્યા
શ્રીચરણોમાં સ્થિર કરીને
મનોરથ પૂરા કરાવ્યા.
દશે દિશાથી કૃતાર્થ કરીને
અમને ધન્ય બનાવ્યાં
અભિનય સર્વશ્રેષ્ઠ કરાવીને
પુષ્પપથારીએ  પોઢાડ્યાં.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**
(તા.૧૫/૦૬/૨૦૨૨)
(હરિદ્વાર)

## ॥ હરજીની મરજી ॥

'ૐ મા—પ્રભુ રક્ષમામ્'

તા.૩-૫-૨૦૨૨
મંગળવાર, અખાત્રીજ

વ્હાલા મા-પ્રભુના ચરણકમળમાં સા.દ.પ્રણામ.

પૂ.'મા' 'સ્વર્ગારોહણ'માં જ્યારે હું તા.૧૭-૪-૨૦૨૨ના દિવસે આવી ત્યારે મને થયું હાશ ! હું મારા પિયરમાં આવી ગઈ એવો અનેરો આનંદ અને આપના દર્શનનું પણ સાંનિધ્ય પામીશ. મનથી નક્કી કર્યું હતું કે મારો જન્મદિન તા.૧૦-૫-૨૦૨૨ના આવે છે તો તા.૧૫-૫-૨૦૨૨ સુધી તો પૂ.'મા'ના સાંનિધ્યમાં જ રહેવું છે.

પૂ.'મા' આપ હંમેશાં મને કહો છો કે, 'ક્ષણ હો ના હો' માટે સંસારમાંથી હસતા હસતા ખસતા રહેવું. પણ જો 'મા' મારે તો આપની પાસે રહેવું હતું ને ફક્ત ચાર જ દિવસમાં અચાનક બી.પી.ની તકલીફ વધી ને અમદાવાદ આવવું પડ્યું. શું મારે માટે તમારી પાસે રહેવાનું આટલા જ દિવસનું સાંનિધ્ય હશે ? ખરેખર આ શરીરનો કોઈ ભરોસો નથી. ક્યારે શું થઈ જાય ? એની આપણને ખબર નથી.

પૂ.'મા' આપે જ જાણે મારી અમદાવાદ આવવાની સગવડ પણ કરી દીધી ને દિવ્યાબેનની સાથે અમદાવાદ સુખરૂપ પહોંચી ગઈ ને તરત ટ્રીટમેન્ટ પણ મળી ગઈ. 'થેંક્યુ મા'. 'મા' મને તો એમ જ થયું કે હવે પૂ.પ્રભુ પાસે જવાના દિવસો આવી ગયા કે શું ? મનમાં થયું જે થશે અને થાશે તે પૂ.'મા' જ બધું કરશે. જીવીશું તો પૂ.'મા' પાસે રહેવા મળશે ને ઉપર જઈશું તો



પૂ.પ્રભુનું સાંનિધ્ય મળશે. મનોમન આ જ પ્રાર્થના થતી.

પૂ.'મા' આ બાળને તમે જીવન આપ્યું છે તો પ્રભુ સ્મરણ વધારે થાય. જપ, પ્રાર્થના પણ વધુ થાય. આપના સાંનિધ્યમાં રહેવાનું પણ સદ્ભાગ્ય મળે એ જ પ્રાર્થના છે. જન્મદિને આપની પાસે રહેવું હતું પણ આમાં પણ મારું હિત છે એમ હું મનને મનાવું છું. તમારો વરદ હસ્ત સદા આ બાળ પર રહે એ જ આશીર્વાદ માગું છું. 'સત્યપથ'ને સારી રીતે સંભાળી શકીએ એવા આશીર્વાદ માગું છું.

પૂ.'મા' આ બાળકથી કાંઈ પણ ભૂલ થઈ હોય તો આપના શ્રી ચરણોમાં પ્રણામ કરી ક્ષમા માગું છું. 'મા' મારે મારા જન્મદિને આપના સાંનિધ્યમાં રહીને વસ્તુ આપવી હતી પણ શારીરિક તકલીફથી આવી નહીં શકાય તો મનીષ સાથે મોકલું છું તો તેનો પ્રેમથી સ્વીકાર કરશો જી. એ જ વિનંતી અને પ્રાર્થના છે.

પૂ.'મા' તમે દરેક જન્મદિને ખૂબ બધી વસ્તુઓ આપી છે. સાડીનો પ્રસાદ, લક્ષ્મીનો પ્રસાદ, ડ્રાયફ્રુટનો પ્રસાદ, પત્ર પ્રસાદ, પણ આપજો એવી વિનંતી ને પ્રાર્થના છે.

એ જ. લિ. ડાહી દમુના સા.દ.પ્રણામ
'જય કૃપાળુ મા'.

## ॥ ઉપર જઈશું તો પ્રભુજી છે, નીચે રહીશું તો પૂ.શ્રી'મા' છે ॥

અતિ પ્રેમાળ, સાલસ, સહૃદયી ભક્તાત્મા શ્રી દમયંતીબહેન ઠાકર સુસંસ્કારી બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા. મુંબઈમાં મેટ્રિકનો અભ્યાસ પૂર્ણ કર્યો ને અમદાવાદમાં સંસ્કારી ઈશ્વરપ્રેમી દ્વિજ પરિવારમાં લગ્ન કરીને આવ્યા. શ્વશુરગૃહે પતિ તેમ જ ઘરનાં

બધાં વડીલો પ.પૂ.શ્રી યોગેશ્વરજી અને પૂ.શ્રી'મા' સર્વેશ્વરીના પ્રેમીભક્ત તે જ તેઓના ગુરુભગવંત ને પરમેશ્વર !

પરણીને આવ્યા ત્યારથી આ બન્ને સમર્થ મહાપુરુષોનું સાંનિધ્ય અને સેવા દમયંતીબહેનને પ્રાપ્ત થયા. તે જીવનના અંતિમ શ્વાસ સુધી અખંડ-અકબંધ રહ્યાં. તેમણે પોતાની એકનિષ્ઠ ગુરુભક્તિ, પરમશ્રદ્ધા અને સમર્પણભાવથી ત્રણે કુળ તાર્યાં.

ગુરુને પણ ગૌરવ થાય તેવું પવિત્ર, કર્તવ્યપરાયણ જીવન જીવ્યા. હંમેશાં મધુર મધુર મંદ મંદ હસતા દમયંતીબહેનનો સ્વભાવ ઘણો મળતાવડો. નાનાં-મોટાં સૌમાં ભળી જાય. ખૂબ સંપીલા. તેમની આત્મશ્રદ્ધા ઘણી બળવાન. ગુરુના વચનો અને ગુરુની આજ્ઞાનું પ્રાણાન્તે પણ પાલન કરવું તેમનો જાણે નેમ !

પોતાની ઘણી શારીરિક તકલીફો અને વેદના વચ્ચે પણ તેમનાં શ્રદ્ધાભક્તિ ને સ્મિત અવિચલ હતા. વિપરીત સંજોગો (સામાજિક) કે વિવિધ ઋતુઓમાં બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે પણ 'સત્યપથ'ના દ્વાર નિયમિત ભક્તોના આગમન માટે ખોલી જ દે ! 'સત્યપથ'ને સ્વચ્છ, સુગંધિત અને સુશોભિત રાખતા. 'સત્યપથ' તીર્થની સેવા તેમનો પ્રાણ હતી. તેનાં માટે તેમની ચોક્કસાઈ, નિયમિતતા, વફાદારી તેમજ ભક્તિભાવ વંદનીય છે. વિકટતા કે પ્રતિકૂળતાઓ વચ્ચે પણ પૂ.શ્રી પ્રભુજી અને પૂ.શ્રી'મા'નું અવિરત પ્રેમપૂર્ણ સ્મરણ કર્યા જ કરે. પ્રભુના પાવન તીર્થ 'સત્યપથ'ની સેવામાં કદી જરાક પણ ઉણપ ના આવવા દે !

તે ખૂબ સમજુ, સુશીલ અને શાણા પૂ.શ્રી'મા'ના બાળક હતા. સાચા અર્થમાં શરણાગતિ તેમણે સ્વીકારી હતી. અંતિમ શ્વાસ સુધી તે પાળી પણ બતાવી.

હૉસ્પિટલના બિછાને તેમને પૂ.શ્રી'મા' અને ગંગાજીનાં



દર્શન કરવાની પ્રબળ ઇચ્છા હતી, તો પૂ.શ્રી'મા'એ વિડીયો કૉલથી સંપર્ક કરી તે સાત્ત્વિક ઇચ્છાનો પણ મોક્ષ કરાવ્યો. ગંગાદર્શન અને શ્રી'મા'ના દર્શનથી દમયંતીબહેનને ઘણી શાંતિ થઈ. પૂ.શ્રી'મા' પોતાના શરણાગત બાળને માટે કેટલું કંઈ કરી છૂટે છે ! તે પણ અતિશીઘ્ર !! મન પણ ન પહોંચે કે પવન પણ ન પહોંચે તેનાથી પણ અધિક તીવ્ર ગતિથી-ત્વરાથી તે પોતાનાં પ્રિય બાળના કલ્યાણાર્થે એકમાત્ર સાચા સાથી બની પ્રગટ થાય છે તે તો હું જોતી જ રહી ગઈ !! (હૉસ્પિટલમાં ત્યારે હું સાથે હતી)

દમયંતીબહેન છેક છેલ્લે સુધી ખૂબ સ્વસ્થ હતા, કારણ કે પૂ.શ્રી'મા'નું કૃપાછત્ર-આશિષ તેમના શિર પર હતું. સમર્થ સંતો, સદ્‌ગુરુદેવ કઈ રીતે ? ક્યાં સુધી પોતાના બાળની રક્ષા કરે છે ? કેવી કૃપા કરે છે ? અને અંતે તારી દે છે તે પ્રત્યક્ષ જોયું અનુભવ્યું અરે ! જાણ્યું. અદ્‌ભુત !!

જીવને પહેલાં તો આત્મશ્રદ્ધાથી પુષ્ટ કરે છે, નિર્ભય બનાવે છે અને હસતાં હસતાં હરિ ચરણે હિંમતભેર પ્રયાણ કરવાની શક્તિ પણ તે જ મહાશક્તિ પૂ.શ્રી'મા' આપે છે. મમત્વ કે આસક્તિના બંધનથી મનને મુક્ત કરાવી પ્રભુ જ પ્રભુની દિવ્ય જ્યોત મન અંતરે પ્રગટાવે છે.

મને હૉસ્પિટલમાં દમયંતીબહેન કહે, 'ઉપર જવાનું થશે તો પ્રભુજી છે અને નીચે રહેવાનું થશે તો પૂ.શ્રી'મા' છે.' 'મા' જે કરે તેમાં આપણે તો રાજી. ફરીના જન્મમાં પણ સંસ્કારી માતાપિતા મળે અને મા-પ્રભુ મને શોધીને સંભાળી લે તેવી પ્રાર્થના કરું છું.

**—ડૉ. અરુણા ઠાકર**